**B**

★ પ્રશ્ન 1 થી 3 ના જવાબ આપવા માટે નીચેની માહિતી કાળજીપૂર્વક વાંચો.
છ સભ્યોના એક પરિવારમાં, બે પરિણીત યુગલો છે. ડોક્ટર પરિવારના વડા છે અને તેમને નેહા અને પૂજા નામની બે પુત્રીઓ છે, જે બંને આર્કિટેક્ટ છે. શ્રીમતી કવિતા અને તેમની પુત્રવધૂ બંને ડોક્ટર છે. નેહાના પતિ પ્રોફેસર છે અને તેમને આર્યન નામનો પુત્ર છે.

1. આર્યન અને પરિવારના વડા (મુખ્ય) ડોક્ટર વચ્ચેનો સંબંધ શું છે?
   (A) પુત્ર-પિતા
   (B) પૌત્ર-દાદા
   (C) ભત્રીજો-કાકા
   (D) ભત્રીજો-મામા

2. પૂજાના પતિનો વ્યવસાય શું છે?
   (A) આર્કિટેક્ટ
   (B) ડૉક્ટર
   (C) પ્રોફેસર
   (D) નક્કી કરી શકાતું નથી

3. પરિવારમાં કુલ કેટલા પુરુષ સભ્યો છે?
   (A) બે
   (B) ત્રણ
   (C) પાંચ
   (D) નક્કી કરી શકાતું નથી

4. વિધાનો:
   કેટલીક કારો ઇલેક્ટ્રિક છે.
   કેટલાક ઇલેક્ટ્રિક વાહનો મોટરસાઇકલો છે.
   નિષ્કર્ષો:
   I. કેટલીક કારો મોટરસાઇકલો છે.
   II. કેટલીક મોટરસાઇકલો ઇલેક્ટ્રિક વાહનો છે.
   નીચેનામાંથી કયું સાચું છે?
   (A) ફક્ત નિષ્કર્ષ I સાચું છે
   (B) ફક્ત નિષ્કર્ષ II સાચું છે
   (C) નિષ્કર્ષ I અથવા II સાચા છે
   (D) નિષ્કર્ષ I કે II માંથી કોઈ પણ સાચું નથી

5. જો '+' એટલે '×', '–' એટલે '+', '×' એટલે '÷', અને '÷' એટલે '–', હોય, તો નીચેમાંથી કયું સમીકરણ સાચું છે?
   (A) $100 \times 4 + 20 \div 5 - 6 = 88$
   (B) $72 \times 8 + 12 \div 6 - 5 = 95$
   (C) $90 \times 15 + 5 \div 3 - 4 = 135$
   (D) $48 \times 6 + 8 \div 4 - 3 = 63$

6. અંગ્રેજી મૂળાક્ષરોના પ્રથમ 10 અક્ષરો (A થી J) ઊંધા ક્રમમાં લખવામાં આવે છે, અને છેલ્લા 16 અક્ષરો (K થી Z) તેમના મૂળ ક્રમમાં લખવામાં આવે છે, તો જમણી બાજુથી 22 મો અક્ષર કયો હશે?
   (A) F
   (B) H
   (C) K
   (D) M



[Contd.

**B**

7. એક ડિજિટલ બિલબોર્ડ કોડ 'SJR9PZE7C18' દર્શાવે છે. જો બિલબોર્ડ કાચની બારીમાં પ્રતિબિંબિત થાય છે, તો કોડ કેવો દેખાશે?

(A) 81Ɔ7ƎZꟼ9ЯႱƧ
(B) ƧႱЯ9ꟼZƎ7Ɔ18
(C) ƧႱЯ9ꟻZƎ7Ɔ18
(D) ƧႱЯ9bZƎ7Ɔ18

8. જો "FRIEND" ને 5 તરીકે અને "RELATION" ને 7 તરીકે કોડ કરવામાં આવે છે, તો "COMMITTEE" માટે કોડ શું છે?

(A) 7
(B) 8
(C) 9
(D) 10

9. રાહુલ એક એવા બગીચામાં જવા માંગે છે જે હોસ્પિટલની વિરુદ્ધ દિશામાં આવેલો છે. તે તેના ઘરેથી નીકળે છે, જે પશ્ચિમમાં છે, અને એક ચાર રસ્તાના આંતરછેદ (ચોક) પર પહોંચે છે. તેના ડાબી બાજુનો રસ્તો હોસ્પિટલ તરફ જાય છે, જ્યારે સીધો રસ્તો રેલ્વે સ્ટેશન તરફ જાય છે. તો બગીચો કઈ દિશામાં આવેલો છે?

(A) પશ્ચિમ
(B) ઉત્તર
(C) દક્ષિણ
(D) પૂર્વ

10. જો 'DEVELOPMENT' શબ્દના અક્ષરોને અંગ્રેજી ડિક્ષનરીના ક્રમ મુજબ ગોઠવવામાં આવે, તો કેટલાં અક્ષરોના સ્થાન બદલાતા નથી?

(A) 1
(B) 2
(C) 3
(D) 4

11. જો '5' ને CUBE125 તરીકે કોડ કરવામાં આવે, તો "8" ને કઈ રીતે કોડ કરવામાં આવશે?

(A) CUBE64
(B) SQUARE16
(C) CUBE512
(D) CUBE4096

12. એક ગુપ્તચર એક પારિવારિક કેસની તપાસ કરી રહ્યો હતો. તેણે એક શંકાસ્પદ વ્યક્તિને એક તસવીર બતાવી અને પૂછ્યું, "આ વ્યક્તિ કોણ છે?" શંકાસ્પદે જવાબ આપ્યો, "આ વ્યક્તિના પિતા મારા પિતાના પુત્ર છે." ગુપ્તચરે પૂછ્યું, "શું તારો કોઈ ભાઈ છે?" શંકાસ્પદે જવાબ આપ્યો, "હા, મારો એક ભાઈ છે." તો શંકાસ્પદ અને તસવીરમાં રહેલી વ્યક્તિ વચ્ચે શું સંબંધ છે?

(A) પુત્ર અથવા ભત્રીજો
(B) પોતે અથવા તેના પિતા
(C) પોતે અથવા ભત્રીજો
(D) પિતા

13. એક શાળાની પરીક્ષામાં વિદ્યાર્થીઓએ નીચે મુજબ ક્રમ મેળવ્યો: આરવે સૌથી વધુ ગુણ મેળવ્યા, દેવે ઈશાન કરતાં વધુ ગુણ મેળવ્યા, ઈશાને મીત કરતાં વધુ ગુણ મેળવ્યા, અને મીતે પાર્થ કરતાં વધુ ગુણ મેળવ્યા. જો તેઓને ગુણના ઉતરતા ક્રમમાં બેસાડવામાં આવે, તો મધ્યમાં કોણ હશે?

(A) દેવ
(B) ઈશાન
(C) આરવ
(D) મીત

14. 51 થી 111 વચ્ચે આવેલી બધી એકી સંખ્યાઓનો સરવાળો કેટલો થશે?
(A) 2400
(B) 2349
(C) 2600
(D) 2701

15. ત્રણ જુદા જુદા સ્ટેશનો પરથી બસો અનુક્રમે દર 20, 25 અને 30 મિનિટના અંતરે ઉપડે છે. જો તેઓ બધી સવારે 6:00 વાગ્યે એકસાથે ઉપડી હોય, તો તેઓ ફરીથી ક્યારે એકસાથે ઉપડશે?
(A) સવારે 10:00 વાગ્યે
(B) સવારે 10:30 વાગ્યે
(C) સવારે 11:00 વાગ્યે
(D) સવારે 11:30 વાગ્યે

16. જો અર્જિતના પગારમાં પહેલાં X% નો વધારો કરવામાં આવે અને પછી (X-10)% નો ઘટાડો કરવામાં આવે, તો એકંદરે ફેરફાર મૂળ પગારથી 10% નો ઘટાડો પરિણમે છે. તો X નું મૂલ્ય શું છે?
(A) 30
(B) 40
(C) 50
(D) 60

17. રિયા બે હેન્ડબેગ રૂ. 4500 માં ખરીદે છે. તે એક હેન્ડબેગ 25% નફાથી અને બીજી 20% નુકસાનથી વેચે છે. જો તેણીને આ વ્યવહારમાં નફો કે નુકસાન ન થતું હોય, તો પહેલી હેન્ડબેગની ખરીદ કિંમત કેટલી હતી?
(A) 1800
(B) 2000
(C) 2200
(D) 2500

18. એક વેપારી છ દિવસ સુધી દરરોજ સમાન રકમ કમાય છે. જો કે, સાતમા દિવસે, તે રૂ.210 નો નફો કરે છે, જેના કારણે તેની સમગ્ર સપ્તાહની સરેરાશ આવકમાં રૂ.10 નો વધારો થાય છે. તો તેની પ્રથમ છ દિવસની સરેરાશ આવક કેટલી હતી, અને સાતમા દિવસની કમાણીનો સમાવેશ કર્યા પછી તેની નવી સરેરાશ આવક કેટલી છે?
(A) રૂ.100 અને રૂ.110
(B) રૂ.140 અને રૂ.150
(C) રૂ.125 અને રૂ.135
(D) રૂ.115 અને રૂ.125

19. એક વેપારી આંતરરાષ્ટ્રીય વેપાર સંધિમા ₹ 50,000 રોકાણ કરે છે, જે 10% પ્રતિ વર્ષની સંયુક્ત વ્યાજ દર આપે છે, જ્યારે તેનો ભાગીદાર તે જ રકમ સ્થાનિક વેપારમાં રોકે છે, જે 10% પ્રતિ વર્ષની સાધારણ વ્યાજ દર આપે છે. બે વર્ષ પછી, કોને વધુ નફો થયો હશે અને કેટલો?
(A) વેપારી તેના ભાગીદાર કરતાં ₹ 500 વધુ કમાય છે.
(B) વેપારી તેના ભાગીદાર કરતાં ₹ 600 વધુ કમાય છે.
(C) ભાગીદાર વેપારી કરતાં ₹ 600 વધુ કમાય છે.
(D) બંનેને સમાન નફો થાય છે.

20. જો "COMMUNICATION" ને 3644359312965 લખવામાં આવે, તો "MOBILITY" કેવી રીતે લખવામાં આવશે?
(A) 46293927
(B) 46293926
(C) 46283927
(D) 46293827



[Contd.

21. એક મોબાઇલ ડિસ્ટ્રિબ્યુટર 50% નફો રાખીને મોબાઇલ ₹ 6000 માં વેચે છે. પછી ખરીદ કિંમત 20% વધે છે, પરંતુ વેચાણ કિંમત તે જ રાખે છે. હવે તેને કેટલા ટકા નફો થાય?

(A) 15% (B) 20%

(C) 25% (D) 30%

22. કિરણ પાસે એક ચોકલેટ બાર છે, જેનો 1/5 ભાગ તેણે તેના મિત્ર માટે રાખી દીધો. બાકીના ભાગમાંથી તેણે 1/2 ભાગ પોતાના માટે રાખી લીધો અને તે ભાગમાંથી 6 સમાન ટુકડા કર્યા, જેમનું દરેક વજન 25 ગ્રામ છે. તો આખી ચોકલેટ બારનું કુલ વજન કેટલું હશે?

(A) 250 ગ્રામ (B) 300 ગ્રામ

(C) 360 ગ્રામ (D) 375 ગ્રામ

23. એક ખાનગી હાઉસિંગ સોસાયટીમાં 20 ટેન્કર ડ્રાઈવર રોજ સમાન ક્ષમતા ધરાવતા ટેન્કરો વડે પાણી પહોંચાડે છે અને તેઓ 6 દિવસમાં સ્ટોરેજ ટેન્ક પૂરી ભરી દે છે. જો સાપ્તાહિક મેન્ટેનન્સને કારણે ડ્રાઇવરોને ટૂંકો સમય મળે છે અને હવે ટાંકી 4 દિવસમાં ભરી દેવી જરૂરી બની છે, તો આવા સમયમાં ટાંકી ભરવા માટે કુલ કેટલા ડ્રાઈવર જરૂરી રહેશે અને અગાઉની સંખ્યા કરતા કેટલા વધુ ડ્રાઈવર લાવવાની જરૂર પડશે?

(A) 25 ડ્રાઇવર, વધારાના 5 (B) 30 ડ્રાઇવર, વધારાના 10

(C) 28 ડ્રાઇવર, વધારાના 8 (D) 35 ડ્રાઇવર, વધારાના 15

24. અક્ષરો J, K, L, M, N, O અને Z સાત ક્રમિક સંખ્યાઓનું પ્રતિનિધિત્વ કરે છે.એવું જાણવા મળ્યું છે કે: K મધ્યમ સંખ્યા છે, J એ M કરતાં 3 વધારે છે, Z એ O કરતાં મોટો છે. નીચેનામાંથી કયો ક્રમ અક્ષરોને સૌથી નીચાથી સૌથી ઊંચા મૂલ્યમાં યોગ્ય રીતે ગોઠવે છે?

(A) O, M, N, K, J, L, Z (B) M, O, N, K, J, Z, L

(C) M, O, N, K, J, L, Z (D) O, N, M, K, J, L, Z

25. એક વિજ્ઞાન પ્રદર્શનમાં, ડિસ્પ્લે બોર્ડ એક સીધી રેખામાં એક ચોક્કસ પેટર્ન અનુસાર ગોઠવાયેલા છે. પહેલું લીલું બોર્ડ મૂક્યા પછી, 2 પીળા બોર્ડ મૂકવામાં આવે છે. બીજું લીલું બોર્ડ મૂક્યા પછી, 4 પીળા બોર્ડ મૂકવામાં આવે છે. ત્રીજું લીલું બોર્ડ મૂક્યા પછી, 6 પીળા બોર્ડ મૂકવામાં આવે છે, અને આ રીતે આગળ વધે છે. આ ક્રમ ત્યાં સુધી ચાલુ રહે છે જ્યાં સુધી ડિસ્પ્લે પર કુલ 63 બોર્ડ (લીલા અને પીળા બંને મળીને) હોય.

કુલ કેટલા લીલા બોર્ડ અને કેટલા પીળા બોર્ડ છે?

(A) 6 લીલા, 57 પીળા (B) 7 લીલા, 56 પીળા

(C) 8 લીલા, 55 પીળા (D) 9 લીલા, 54 પીળા

26. તરાઈના યુદ્ધ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. તરાઈનું પહેલું યુદ્ધ શિહાબુદ્દીન ઘોરી અને પૃથ્વીરાજ ચૌહાણ વચ્ચે થયું હતું, જેમાં પૃથ્વીરાજ ચૌહાણની હાર થઈ.

2. તરાઈના પહેલા યુદ્ધથી દિલ્લીમાં મુસ્લિમ સત્તાનો ઉદય થયો.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

27. ગુજરાતમાં સોલંકી શાસન વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. આ વંશમાં મૂળરાજ, ભીમદેવ પહેલો, સિદ્ધરાજ જયસિંહ, કુમારપાળ, ભીમદેવ બીજો જેવા શાસકો થઈ ગયા.

2. ભીમદેવ પહેલાની રાણી ઉદયમતિએ અડાલજની વાવ બંધાવી હતી.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

28. નીચેનામાંથી કયા વંશોએ વિજયનગર સામ્રાજ્યમાં શાસન કર્યું?

1. મમલૂકવંશ
2. સંગમવંશ
3. સાલુવવંશ
4. તુલુવવંશ
5. અરવિંડુવંશ

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 2, 3 અને 4
(B) ફક્ત 2, 4 અને 5
(C) ફક્ત 3, 4 અને 5
(D) ફક્ત 2, 3, 4 અને 5

29. અકબર વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. તેનો જન્મ અમરકોટના હિન્દુ રાજાના રાજ્યમાં થયો હતો.

2. તેણે દિલ્લી પાસે દિન-એ-ઇલાહી નગરની સ્થાપના કરી હતી.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

30. મોગલ શાસકો વિશે નીચે આપેલાં જોડકાંને યોગ્ય રીતે જોડો:

શાસક — વિશેષતા

a. અકબર — 1. કલા-સ્થાપત્યનો ચાહક

b. જહાંગીર — 2. ચિત્રકાર

c. શાહજહાં — 3. વીણાવાદન

d. ઔરંગઝેબ — 4. બાઈબલનો ફારસી ભાષામાં અનુવાદ

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 3 | 4 | 1 | 2 |
| (B) | 4 | 2 | 1 | 3 |
| (C) | 2 | 3 | 4 | 1 |
| (D) | 4 | 1 | 2 | 3 |

31. ભક્તિ- આંદોલનની રચના અને સંત વિશે નીચે આપેલાં જોડકાંને યોગ્ય રીતે જોડો:

સંત — રચના

a. કબીર — 1. વિનયપત્રિકા

b. તુલસીદાસ — 2. જ્ઞાનેશ્વરી

c. જ્ઞાનેશ્વર — 3. દાસબોધ

d. રામદાસ — 4. બીજક

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 3 | 4 | 1 | 2 |
| (B) | 4 | 2 | 1 | 3 |
| (C) | 2 | 3 | 4 | 1 |
| (D) | 4 | 1 | 2 | 3 |

32. અંગ્રેજ ગવર્નર જનરલ વિશે નીચે આપેલી વિગતો ધ્યાને લો:

1. લોર્ડ કોર્નવૉલીસ – પ્રથમ ગવર્નર જનરલ

2. સર જોન શોર – તટસ્થતાની નીતિ

3. લોર્ડ વિલિયમ બેન્ટિક – ઉદાર ગવર્નર જનરલ

4. લોર્ડ ડેલહાઉસી – જીત, જપ્તી અને ખાલસાનીતિ

ઉપરોક્ત વિગતોમાંથી કેટલી સાચી છે?

(A) ફક્ત 1 (B) ફક્ત 2 (C) ફક્ત 3 (D) બધી જ

33. 'હિતોપદેશ' વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:
1. 'હિતોપદેશ' જાતકકથાને આધારે લખાયેલો ગ્રંથ છે.
2. 'હિતોપદેશ' ની રચના વિષ્ણુશર્મા નામના પંડિતે કરી હતી.
ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

34. નીચેનાં વિધાનો ધ્યાને લો:
1. 'જાતિ પાંતિ પૂછે નહીં કોઈ, હરિકો ભજે સો હરિકા હોઈ' આ વચન ભક્તિ આંદોલનનું સૂત્ર બની ગયું હતું.
2. તેના રચયિતા સ્વામી રામાનંદ હતા.
ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

35. કુતુબમિનાર વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:
1. તેને બાંધવાની શરૂઆત ઈલ્તુમિશે કરી હતી.
2. તેનો સૌથી નીચેનો મજલો પૃથ્વીરાજ ચૌહાણે વિજય સ્તંભ તરીકે બનાવ્યો.
ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

36. મયૂરાસન વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:
1. તેનું નિર્માણ અકબરે કરાવ્યું હતું.
2. નાદિરશાહ દિલ્લીની લૂંટમાં પોતાની સાથે ઈરાન લઈ ગયો હતો.
ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

37. લોર્ડ મેયો વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:
1. તેણે નાણાતંત્રમાં સુધારો કરી પ્રાંતિક સરકારોને કેન્દ્ર સરકાર તરફથી મળતી રકમ પાંચ વર્ષ માટે નિશ્ચિત કરી આપી અને તેમના ખર્ચના વિષયો નિશ્ચિત કર્યા.
2. તેની સૂચના અનુસાર ભારતમાં પ્રથમ વસ્તીગણતરી કરવામાં આવી.
ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ



[Contd.

B

38. દાંડીકૂચ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:
1. દાંડીકૂચ પછી દાંડી પાસેના કરાડી ગામેથી ગાંધીજીની ધરપકડ કરવામાં આવી.
2. પછી તેમને માંડલેની જેલમાં મોકલી દેવામાં આવ્યા.
ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

39. નવમી અનુસૂચિનો પરિચય અમુક કાયદાઓને ન્યાયિક તપાસથી બચાવવા માટે કરવામાં આવ્યો હતો, આ પગલાંનો મુખ્ય શો ઉદ્દેશ્ય?
(A) ન્યાયતંત્રની સત્તા વધારવી
(B) જમીન સુધારણા કાયદાઓનું રક્ષણ કરવું
(C) મૂળભૂત અધિકારોનું કાર્યક્ષેત્ર વધારવું
(D) રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોને મજબૂત કરવા

40. નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ (NGT) અધિનિયમ, 2010 હેઠળ નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ (NGT) -ની સ્થાપનાનો ઉદ્દેશ્ય શો છે?
(A) હાઈકોર્ટના પર્યાવરણીય અધિકારક્ષેત્રને બદલવું
(B) ઝડપી પર્યાવરણીય ન્યાય માટે એક વિશિષ્ટ મંચ પ્રદાન કરવો
(C) તમામ પર્યાવરણીય નીતિ નિર્માણને એક જ સંસ્થા હેઠળ કેન્દ્રિત કરવું
(D) પર્યાવરણીય અસર આકારણીની જરૂરિયાતને દૂર કરવી

41. ભારતીય કાયદા પંચ સરકાર માટે સલાહકાર સંસ્થા તરીકે કાર્ય કરે છે. નીચેનામાંથી કયું નિવેદન તેની મર્યાદાઓને શ્રેષ્ઠ રીતે રજૂ કરે છે?
(A) કાયદા પંચની ભલામણો સરકાર માટે કાયદેસર રીતે બંધનકર્તા છે.
(B) કાયદા પંચ ફક્ત ભલામણ કરી શકે છે પરંતુ કાયદાનો મુસદ્દો તૈયાર કરી શકતું નથી અથવા તેને ઘડી શકતું નથી.
(C) કાયદા પંચ પાસે સંસદમાં ખરડા રજૂ કરવાની સત્તા છે.
(D) કાયદા પંચ તેની ભલામણોના અમલીકરણને સુનિશ્ચિત કરવા માટે ન્યાયિક આદેશો જારી કરી શકે છે.

42. બંધારણીય સત્તા હોવા છતાં પક્ષાંતર વિરોધી કાયદા હેઠળ લોકસભાના અધ્યક્ષની સત્તાઓ પર સવાલ ઉઠાવવામાં આવ્યા છે. નીચેનામાંથી કયું આ મુદ્દાનું યોગ્ય રીતે વિશ્લેષણ કરે છે?
(A) બંધારણીય સત્તા હોવા છતાં, અધ્યક્ષના નિર્ણયને હાઈકોર્ટમાં પડકારી શકાય છે.
(B) અધ્યક્ષનો નિર્ણય અંતિમ છે અને તેની ન્યાયિક સમીક્ષા કરી શકાતી નથી.
(C) સભ્યોને ગેરલાયક ઠેરવતા પહેલા અધ્યક્ષને ચૂંટણી પંચની પરવાનગીની જરૂર પડે છે.
(D) પક્ષાંતર વિરોધી બાબતોમાં અધ્યક્ષની ભૂમિકા ઔપચારિક છે.

43. ભારતના એટર્ની જનરલનું અનન્ય સ્થાન તેમની બેવડી ભૂમિકામાં રહેલું છે. નીચેનામાંથી કયું તેમના બંધારણીય કાર્યના સૂક્ષ્મ અર્થઘટનને પ્રતિબિંબિત કરે છે?
(A) એટર્ની જનરલ એક જાહેર સેવક છે જે વ્યાવસાયિક નીતિશાસ્ત્રથી બંધાયેલા છે પરંતુ કાનૂની જવાબદારીથી નહીં.
(B) એટર્ની જનરલ કોર્ટને બંધનકર્તા નિર્દેશો બહાર પાડી શકે છે.
(C) એટર્ની જનરલ મુખ્ય ન્યાયાધીશની વિનંતીથી જ ન્યાયિક કાર્યવાહીમાં ભાગ લે છે.
(D) એટર્ની જનરલ સંઘ વતી કોર્ટમાં હાજર થાય છે અને સરકારી કર્મચારીઓને લાગુ પડતા પ્રતિબંધોથી મુક્ત છે.

44. ભારતમાં નગરપાલિકાઓના નાણાકીય સશક્તિકરણનું નીચેનામાંથી કયું શ્રેષ્ઠ વર્ણન કરે છે?
(A) શહેરી સ્થાનિક સંસ્થાઓને મિલકત વેરા અને વપરાશકર્તા શુલ્ક લાદવા અને વસૂલવા માટે વિસ્તૃત સત્તાઓની જરૂર છે.
(B) નાણાપંચો નગરપાલિકા ભંડોળનો એકમાત્ર સ્ત્રોત છે.
(C) નગરપાલિકાઓ માત્ર GST વળતર દ્વારા આત્મનિર્ભર છે.
(D) શહેરી સ્થાનિક સંસ્થાઓ આવક અને કસ્ટમ્સ પરના સીધા કરને નિયંત્રિત કરે છે.

45. જ્યારે બંધારણ ન્યાયિક સ્વતંત્રતા માટે જોગવાઈ કરે છે, ત્યારે કઈ સંસ્થાકીય પદ્ધતિ ઉચ્ચ ન્યાયતંત્રની જવાબદારીને શ્રેષ્ઠ રીતે સુનિશ્ચિત કરે છે?
(A) બાહ્ય સમીક્ષા વિના કોલેજિયમ દ્વારા ન્યાયિક નિમણૂકો.
(B) કારોબારી નિયંત્રણ હેઠળ વહીવટી ટ્રિબ્યુનલો.
(C) મહાભિયોગની કાર્યવાહી અને આંતરિક પ્રક્રિયા દ્વારા ન્યાયિક આચરણનું નિરીક્ષણ.
(D) સુપ્રીમ કોર્ટના ચુકાદાઓ પર કેબિનેટની દેખરેખ.

46. બીજા ન્યાયાધીશોનો કેસ (1993) એ ન્યાયિક નિમણૂકની પ્રક્રિયામાં નોંધપાત્ર ફેરફાર કર્યો તેનું સૌથી નિર્ણાયક યોગદાન શું હતું?
(A) તેમાં આદેશ આપવામાં આવ્યો હતો કે રાષ્ટ્રપતિ નિમણૂક પહેલાં ન્યાયાધીશોનો વ્યક્તિગત રીતે ઇન્ટરવ્યુ લે.
(B) તેણે હાઈકોર્ટની નિમણૂકોમાં રાજ્યપાલોને ભૂમિકા ભજવવાની મંજૂરી આપી.
(C) તેણે સંસદને ન્યાયિક નિમણૂકોમાં અંતિમ સત્તા બનાવી.
(D) તેણે કોલેજિયમ પ્રણાલી દ્વારા નિમણૂકોમાં ન્યાયતંત્રની સર્વોપરિતા સ્થાપિત કરી.

47. અનુચ્છેદ 123 હેઠળ વટહુકમો બહાર પાડવામાં કારોબારીની મનસ્વીપણા સામે ન્યાયતંત્ર કેવી રીતે રક્ષણ કરે છે?
(A) પ્રધાન પરિષદને સંસદીય મંજૂરી મેળવવા માટે કહીને.
(B) માત્ર કટોકટીની પરિસ્થિતિઓમાં જ વટહુકમો પસાર થાય તેની ખાતરી કરીને.
(C) વટહુકમ બહાર પાડતા પહેલા રાષ્ટ્રપતિને મુખ્ય ન્યાયાધીશ સાથે સલાહ લેવાની જરૂરિયાત દ્વારા.
(D) વટહુકમ માન્ય સંજોગોમાં બહાર પાડવામાં આવ્યો હતો કે કેમ તેનું મૂલ્યાંકન કરવા માટે ન્યાયિક સમીક્ષાનો ઉપયોગ કરીને.

48. નીચેના ક્યાં સત્તાધિકારીઓની મંજૂરી વિના સંસદમાં નાણાં બિલ રજૂ કરી શકાતું નથી?
(A) લોકસભાના અધ્યક્ષ
(B) વડા પ્રધાન
(C) રાષ્ટ્રપતિ
(D) નાણાં પ્રધાન

49. શિક્ષણ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:
1. શિક્ષણ રાજ્ય યાદીનો એક ઘટક છે.
2. શિક્ષણની જોગવાઈઓ બંધારણના ભાગ III માં સમાવિષ્ટ છે.
ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

50. નીચેનામાંથી કઈ બંધારણીય રીતે ફરજિયાત સંસ્થા છે, જે કેન્દ્ર અને રાજ્ય સરકાર બંનેની નાણાકીય સ્થિતિની જાણ કરવાની જવાબદારી ધરાવે છે?
(A) ઝોનલ કાઉન્સિલ
(B) આંતર રાજ્ય કમિશન
(C) નાણાકીય કમિશન
(D) આંતર રાજ્ય કાઉન્સિલ

51. અરુણ, ભાવના, ચંદન અને દિપા ચાર મિત્રો છે. ભાવના, અરુણથી 6 વર્ષ મોટી છે અને ચંદન, ભાવનાથી 2 વર્ષ નાનો છે. દિપાની ઉંમર ભાવના અને ચંદનની ઉંમરનો સરેરાશ છે. ચારેયની કુલ ઉંમર 131 વર્ષ છે. તો અરુણની ઉંમર કેટલી હશે?
(A) 27
(B) 28
(C) 29
(D) 30

52. શુભદા રવીન્દ્રની શું થાય છે?
નિવેદનો:
I. શુભદાની માતા રવીન્દ્રના પિતાની એકમાત્ર પુત્રી છે.
II. શુભદા રવીન્દ્રના પિતાની એકમાત્ર પૌત્રી છે.
નીચેનામાંથી કયો વિકલ્પ સાચો છે?
(A) ફક્ત નિવેદન I એકલું પર્યાપ્ત છે.
(B) ફક્ત નિવેદન II એકલું પર્યાપ્ત છે.
(C) કાં તો નિવેદન I અથવા નિવેદન II એકલું પર્યાપ્ત છે.
(D) બંને નિવેદનો એકસાથે પણ પર્યાપ્ત નથી.

53. મીરાબાઈના જન્મ અને મૃત્યુ વિશે શું સાચું છે?
(A) મેવાડમાં જન્મેલા અને મેવાડમાં મૃત્યુ પામ્યા
(B) પાલીમાં જન્મેલા અને મેવાડમાં મૃત્યુ પામ્યા
(C) મેવાડમાં જન્મેલા અને પાલીમાં મૃત્યુ પામ્યા
(D) કુડકીમાં જન્મેલા અને દ્વારકામાં મૃત્યુ પામ્યા



[Contd.

54. ગુજરાત નીચેનામાંથી કયાં મસાલાઓમાંના એકનું અગ્રણી ઉત્પાદક છે?

(A) હળદર
(B) ધાણા
(C) મેથી
(D) જીરું

55. સંગઠન અને સ્થાનની નીચેનામાંથી કઈ જોડી સાચી છે?

1. સેન્ટ્રલ સોલ્ટ એંડ મરીન કેમીકલ રિસર્ચ ઇન્સ્ટી. - ભાવનગર
2. સેન્ટ્રલ ગ્લાસ અને સિરામિક રિસર્ચ ઇન્સ્ટી. - મોરબી
3. ઇંડિયન ઇન્સ્ટી. ઓફ ગ્રાઉન્ડનટ રિસર્ચ - જૂનાગઢ

નીચે આપેલામાંથી સાચો જવાબ પસંદ કરો.

(A) ફક્ત 2 અને 3
(B) ફક્ત 2
(C) ફક્ત 1 અને 3
(D) 1, 2 અને 3

56. નીચે આપેલ ચાર વિકલ્પોમાંથી ત્રણ સમાન સંબંધ દર્શાવે છે, જ્યારે એક વિભિન્ન છે. અસમાન વિકલ્પ ઓળખો.

(A) દહીં : દૂધ
(B) વાઈન : દ્રાક્ષ
(C) કોફી : બીજ
(D) કાગળ : લાકડું

57. નીચે આપેલ માહિતીને ધ્યાનપૂર્વક વાંચો અને જે પ્રશ્ન આપવામાં આવ્યો છે, તે અનુસરો:

'X @ Y' નું અર્થ એ છે કે X એ Y નો પિતા છે.
'X # Y' નું અર્થ એ છે કે X એ Y ની પુત્રી છે.
'X $ Y' નું અર્થ એ છે કે X એ Y નો પુત્ર છે.
'X % Y' નું અર્થ એ છે કે X એ Y ની બહેન છે.

નીચે આપેલા વિશ્લેષણમાં S ના જમાઈ તરીકે P ની ઓળખ સ્થાપિત કરવા માટે ? ની જગ્યાએ કયો પ્રતીક આવશે?

P @ Q # R % T ? S

(A) @ અથવા #
(B) $ અથવા %
(C) $ અથવા @
(D) # અથવા $

58. રાજ નામનો ડિલિવરી કરનાર એક વ્યક્તિ, વેરહાઉસથી શરૂઆત કરે છે અને થોડા મીટર પૂર્વ તરફ ચાલે છે. ત્યારબાદ, તે જમણી તરફ વળે છે અને 80 મીટર ચાલે છે, પછી ડાબી તરફ વળે છે અને 25 મીટર ચાલે છે. તે પછી તે ફરીથી જમણી તરફ વળે છે અને હોસ્પિટલ પહોંચવા માટે 40 મીટર ચાલે છે. જો વેરહાઉસ અને હોસ્પિટલ વચ્ચેનું સીધું અંતર 130 મીટર હોય, તો રાજે શરૂઆતમાં પૂર્વ તરફ કેટલું ચાલ્યું હશે?

(A) 40 મીટર
(B) 25 મીટર
(C) 50 મીટર
(D) 30 મીટર

B

59. નીચે આપેલા ૧૯૫૭ના વિપ્લવના નેતાઓ અને વિપ્લવનાં સ્થળો વિશે જોડકાંને યોગ્ય રીતે જોડો:

| સ્થળ | વિપ્લવના નેતાઓ |
| --- | --- |
| a. કાનપુર | 1. બેગમ હઝરત મહેલ |
| b. બરોટ | 2. શાહ માલ |
| c. લખનૌ | 3. નાના સાહેબ |
| d. આરા | 4. કુંવર સિંહ |

નીચેનામાંથી સાચો વિકલ્પ પસંદ કરો.

| | a | b | c | d |
| --- | --- | --- | --- | --- |
| (A) | 3 | 2 | 1 | 4 |
| (B) | 1 | 2 | 4 | 3 |
| (C) | 3 | 4 | 1 | 2 |
| (D) | 4 | 3 | 2 | 1 |

60. નીચેની ઘટનાઓને યોગ્ય કાલક્રમમાં ગોઠવો:
1. આંધ્રપ્રદેશ એક રાજ્ય બન્યું.
2. રાજ્ય પુનર્ગઠન પંચની રચના.
3. ગુજરાત અલગ રાજ્ય બન્યું.
4. હરિયાણા અલગ રાજ્ય બન્યું.
નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) 1, 2, 3, 4
(B) 2, 1, 3, 4
(C) 2, 3, 4, 1
(D) 4, 3, 2, 1

61. નીચે આપેલાં સૈન્ય ઓપરેશન અને તેનાં હેતુઓ વિશેનાં જોડકાંને યોગ્ય રીતે જોડો:

| સૈન્ય ઓપરેશન | હેતુ |
| --- | --- |
| a. પોલો | 1. શ્રેણીબદ્ધ પરમાણુ પરીક્ષણો કરવા |
| b. શક્તિ | 2. અમૃતસરના સુવર્ણમંદિરમાંથી આતંકવાદીઓ હટાવવા |
| c. બ્લ્યુસ્ટાર | 3. પાકિસ્તાન પાસેથી સિયાચીન કબજે કરવા |
| d. મેઘદૂત | 4. હૈદરાબાદ રાજ્યને ભારતમાં સામેલ કરવા માટે |

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

| | a | b | c | d |
| --- | --- | --- | --- | --- |
| (A) | 1 | 2 | 3 | 4 |
| (B) | 2 | 1 | 4 | 3 |
| (C) | 4 | 1 | 2 | 3 |
| (D) | 4 | 3 | 2 | 1 |



[Contd.

62. ઋગ્વેદના દેવતાઓ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:
1. વરુણ કુદરતી વ્યવસ્થાના રક્ષક છે.
2. સોમ વનસ્પતિઓના દેવ હતા.
ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

63. નીચેનામાંથી કયા રાજાઓ બૌદ્ધ ધર્મના સમર્થકો હતા?
1. અશોક
2. પુષ્યમિત્ર શુંગ
3. મિહિરકુલ
4. શશાંક
નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.
(A) ફક્ત 1
(B) ફક્ત 1 અને 2
(C) ફક્ત 1, 2 અને 3
(D) 1, 2, 3 અને 4

64. અર્થશાસ્ત્ર વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:
1. તેની રચના કૌટિલ્યએ કરી હતી.
2. તે મુજબ રાજ્ય લગભગ તમામ આર્થિક પ્રવૃત્તિઓને નિયંત્રિત કરતું હતું.
ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

65. કલિંગના યુદ્ધ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:
1. કલિંગ યુદ્ધ પછી અશોક પોતાની નીતિઓમાં આત્યંતિક શાંતિવાદી બન્યા.
2. યુદ્ધ પછી અશોકે બૌદ્ધ ધર્મ અપનાવ્યો.
ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

66. ગુપ્ત અને મૌર્ય શાસન વિશે નીચે આપેલાં વિધાનો ધ્યાને લો:
1. મૌર્ય શાસન કરતાં ગુપ્ત શાસનમાં ન્યાયિક વ્યવસ્થા ઘણી વધુ વિકસિત હતી.
2. ગુપ્ત અમલદારશાહી મૌર્ય શાસન જેટલી વિસ્તૃત નહતી.
ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) ચોક્કસ કહી શકાય નહીં



[Contd.

67. ગુપ્તકાળનાં નાટકો વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:
1. ગુપ્તકાળ દરમિયાન લખાયેલાં બહુધા નાટકો હાસ્યપ્રધાન છે.
2. ગુપ્ત (કાળ) નાટકોમાં ઉચ્ચ વર્ગ અને નિમ્ન વર્ગના પાત્રો એકસરખી ભાષા બોલતા નથી.
ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

68. કાંચીના પલ્લવો અને બદામીના ચાલુક્ય વચ્ચેના સંઘર્ષનું મુખ્ય કારણ/કારણો કયું/ક્યાં હતું/હતા?
1. ધાર્મિક તફાવત
2. કૃષ્ણા અને તુંગભદ્ર વચ્ચે આવેલી જમીન
નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.
(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

69. નીચેનામાંથી કયું/કયાં મંદિર/મંદિરો પલ્લવોએ બંધાવ્યું/બંધાવ્યાં હતાં?
1. દરિયાકિનારે આવેલું મહાબલિપુરમનું મંદિર
2. કૈલાસનાથ મંદિર
3. વિરૂપાક્ષ મંદિર
નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.
(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) ફક્ત 1 અને 2
(D) 1, 2 અને 3

70. ગુજરાતમાં સૂર્ય મંદિર કોણે બનાવ્યું?
(A) ભીમદેવ પહેલો
(B) કર્ણ
(C) વલ્લભરાજ
(D) દુર્લભરકજા

71. 'ઇન્ડિકા' વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:
1. તે મેગેસ્થનિસે ભારત વિશે રચેલો મહત્ત્વપૂર્ણ ગ્રંથ છે.
2. ગ્રીક લેખકોએ તેમના ગ્રંથોમાં 'ઇન્ડિકા'નો સંદર્ભ ટાંક્યો છે.
ઉપરોક્તમાંથી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

72. ઋગ્વેદ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ઋગ્વેદમાં સવારની દેવી અદિતિ અને સાંજની દેવી સંધ્યાનો ઉલ્લેખ જોવા મળે છે.

2. ઋગ્વેદમાં ઇન્દ્ર, વરુણ, અગ્નિ, સૂર્ય વગેરેના ઉલ્લેખો જોવા મળે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

73. ગૌતમ બુદ્ધ અને મહાવીર સ્વામી વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. બંને સંસારને ભય અને દુ:ખથી ભરેલો માને છે.

2. ગૌતમ બુદ્ધ ઈશ્વરનો ઇનકાર કરે છે, જ્યારે મહાવીર સ્વામી ઈશ્વરનો સ્વીકાર કરે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

74. ગ્રાન્ડ ટ્રંક રોડ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. આ રોડનું નિર્માણ સૌ પ્રથમ ચંદ્રગુપ્ત મૌર્યના સમયમાં થયું હતું.

2. શેરશાહ સૂરી અને લોર્ડ ડેલહાઉસી પોતપોતાના સમયમાં આ રોડનું પુન:નિર્માણ કરાવ્યું હતું.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ



[Contd.

**B**

75. નીચે આપેલાં જોડકાંની જોડને યોગ્ય રીતે જોડો:

| ક | ખ |
|---|---|
| a. રાજવૈદ્ય | 1. વૈતાલભટ્ટ |
| b. રાજકવિ | 2. અમરસિંહ |
| c. વૈજ્ઞાનિક | 3. ધન્વંતરિ |
| d. કોશકાર | 4. કાલિદાસ |

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 3 | 4 | 1 | 2 |
| (B) | 4 | 2 | 1 | 3 |
| (C) | 2 | 3 | 4 | 1 |
| (D) | 4 | 1 | 2 | 3 |

76. ભારતના બંધારણની કલમ 19 તમામ નાગરિકોને નીચેના અધિકારો પ્રદાન કરે છે, જોકે કલમ 19માં નીચેનામાંથી શાનો સમાવેશ થતો નથી:

(A) વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતા

(B) શાંતિપૂર્ણ રીતે અને શસ્ત્ર વિના ભેગા થવું

(C) ભારતના સમગ્ર પ્રદેશમાં મુક્તપણે ફરવું

(D) જાહેર રોજગારની બાબતોમાં તકની સમાનતા

77. રાજ્ય નીચેનાં નીતિ નિર્દેશોનો પ્રયાસ કરશે:

1. આંતરરાષ્ટ્રીય શાંતિ અને સુરક્ષાને પ્રોત્સાહન આપવું
2. રાષ્ટ્રો વચ્ચે ન્યાયી અને માનનીય સંબંધો જાળવવા
3. સંગઠિત લોકોના એકબીજા સાથેના વ્યવહારમાં આંતરરાષ્ટ્રીય કાયદા અને સંધિની જવાબદારી પ્રત્યે આદરને પ્રોત્સાહન આપવું
4. મધ્યસ્થી દ્વારા આંતરરાષ્ટ્રીય વિવાદોના સમાધાનને પ્રોત્સાહન આપવું

ઉપરોક્ત નીતિ નિર્દેશો બંધારણના નીચેનામાંથી કયા અનુચ્છેદનો ભાગ છે?

(A) કલમ 21 (B) કલમ 31

(C) કલમ 41 (D) કલમ 51

78. બંધારણમાં સુધારા માટેનું બિલ સૌ પ્રથમ શામાં રજૂ કરી શકાય છે?

(A) લોકસભા (B) રાજ્યસભા

(C) સંસદના કોઈપણ ગૃહ (D) કોઈપણ રાજ્ય વિધાનસભા

79. નીચેનામાંથી બંધારણમાં કયા સુધારા દ્વારા "મિલકતનો અધિકાર" મૂળભૂત અધિકારોની યાદીમાંથી દૂર કરવામાં આવ્યો છે અને તેને કાનૂની અધિકાર તરીકે સ્થાપિત કરવામાં આવ્યો છે?
(A) બંધારણ (ચોવીસમો) સુધારો અધિનિયમ, 1971
(B) બંધારણ (એકવીસમો) સુધારો અધિનિયમ, 1972
(C) બંધારણ (બેતાળીસમો) સુધારો અધિનિયમ, 1976
(D) બંધારણ (ચુમ્માલીસમો) સુધારો અધિનિયમ, 1978

80. ભારતના રાજ્યોના પુનર્ગઠન વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:
1. 1960માં મહારાષ્ટ્ર અને ગુજરાત રાજ્યો અસ્તિત્વમાં આવ્યાં.
2. 1966માં પંજાબ અને હરિયાણા રાજ્યો અસ્તિત્વમાં આવ્યાં.
3. 2014માં 29મું રાજ્ય તેલંગાણા બન્યું.
ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 3
(D) 1, 2 અને 3

81. પ્રધાનમંત્રી મુદ્રા યોજના વિશે નીચેનામાંથી કયું વિધાન ખોટું છે?
(A) મુદ્રા યોજનામાં કૃષિ ક્ષેત્ર અને સંલગ્ન કૃષિ પ્રવૃતિઓ બંનેનો સમાવેશ થતો નથી.
(B) મુદ્રા યોજના હેઠળ શિડયુલ્ડ કોમર્શિયલ બેંકો ઉપરાંત, નોન બેન્કિંગ ફાઇનાન્સિયલ કંપનીઓ (NBFCs) અને માઈક્રો ફાઇનાન્સિયલ ઇન્સ્ટિટ્યૂશન્સ (MFIs) પણ લોન આપે છે.
(C) મુદ્રા યોજનાના ત્રણ મુખ્ય લક્ષ્ય લાભાર્થીઓ મહિલાઓ, પહેલીવાર ઉદ્યોગ સાહસિક બનનારાઓ અને સામાજિક રીતે નબળા વર્ગો છે.
(D) આ યોજનાના ચાર પ્રકાર છે- શિશુ, કિશોર, તરુણ અને તરુણ પ્લસ

82. ફુગાવાની અસરો અંગે નીચેનાં વિધાનો ધ્યાને લો:
1. ફુગાવાના સમયગાળા દરમિયાન તમામ પ્રકારના ધંધાર્થીઓને ફાયદો થાય છે.
2. ફુગાવો ડિબેન્ચર ધારકોને પ્રતિકૂળ અસર કરે છે.
3. ફુગાવા દરમિયાન શેરધારકોને ફાયદો થાય છે.
ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?
(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 1 અને 3
(C) ફક્ત 2 અને 3
(D) 1, 2 અને 3

83. નીચેનામાંથી કયો રાષ્ટ્રીયકરણનો ઉદ્દેશ્ય નથી?
(A) અર્થતંત્રના વ્યૂહાત્મક ક્ષેત્રો પર અસરકારક નિયંત્રણ રાખવું.
(B) ઉત્પાદક સંસાધનોનો વધુ સારો ઉપયોગ સુનિશ્ચિત કરવો.
(C) રોજગારનું રક્ષણ કરવું અને કર્મચારીઓના હિતનું રક્ષણ કરવું.
(D) રાષ્ટ્રીયકૃત ઉદ્યોગોમાંથી નિકાસ કમાણી વધારવી.

84. સ્વતંત્રતાની પૂર્વસંધ્યાએ ભારતીય અર્થતંત્ર વિશે નીચેનામાંથી કયું વિધાન ખોટું છે?

(A) મોટાભાગની કાર્યકારી વસ્તી પ્રાથમિક ક્ષેત્રમાં કાર્યરત હતી.

(B) ભારત કાચા માલ અને પ્રાથમિક ઉત્પાદનોનો ચોખ્ખો આયાતકાર હતો.

(C) અપેક્ષિત આયુષ્ય ખૂબ ઓછું હતું અને બાળ મૃત્યુ દર ખૂબ ઊંચો હતો.

(D) જન્મ અને મૃત્યુ દર બંને ખૂબ ઊંચો હતો.

85. ભારતમાં આયોજન વિશે નીચેનામાંથી કયું સાચું છે?

(A) ભારતમાં આયોજનની શરૂઆત જાહેર ક્ષેત્ર પર ભારે નિર્ભરતાથી થઈ હતી.

(B) ભારતમાં સમાજવાદી અર્થતંત્ર એ આયોજનનું માળખું રહ્યું છે.

(C) અત્યાર સુધીમાં પંદર પંચવર્ષીય યોજનાઓ પૂર્ણ થઈ છે.

(D) ભારતે વિકેન્દ્રિત આયોજન પ્રણાલી અપનાવી.

86. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. આર્થિક વૃદ્ધિ ફક્ત લાંબા સમય સુધી GDP માં સતત વૃદ્ધિ સાથે સંબંધિત છે.

2. આર્થિક વિકાસ ફક્ત વૃદ્ધિ સાથે જ નહીં પરંતુ અર્થતંત્રમાં સમાનતા અને માળખાકીય ફેરફારો સાથે પણ સંબંધિત છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

87. નીચેનામાંથી કયું વિધાન ખોટું છે?

(A) માંગમાં વધારો અને ઘટાડો એક જ માંગ રેખા પર બતાવી શકાય છે.

(B) માંગનું વિસ્તરણ અને સંકોચન એક જ માંગ રેખા પર બતાવી શકાય છે.

(C) પુરવઠાનું વિસ્તરણ અને સંકોચન એક જ પુરવઠા રેખા પર બતાવી શકાય છે.

(D) પુરવઠામાં વધારો અને ઘટાડો બતાવવા માટે ઓછામાં ઓછી બે પુરવઠા રેખા જરૂરી છે.

88. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ટેકનોલોજી અને તેમાં થતા ફેરફારો એ કોઈપણ ચીજવસ્તુની માંગને અસર કરતું એક ખૂબ જ મહત્વનું પરિબળ છે.

2. ઉત્પાદનનો ખર્ચ કોઈ પણ ચીજ-વસ્તુના પુરવઠાનો મહત્વપૂર્ણ નિર્ધારક છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ



[Contd.

89. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ટૂંકા ગાળામાં ઇજારદાર પેઢી ક્યારેય નુકસાન સહન કરી શકતી નથી.

2. ટૂંકા ગાળામાં પૂર્ણ હરીફાઈમાં રહેલી પેઢી અસામાન્ય નફો કમાઈ શકે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

90. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. રાજ્ય સરકારો દ્વારા કૃષિ આવક પર કર વસુલવામાં આવે છે

2. કેન્દ્ર સરકાર દ્વારા આયાતી માલ પર કર લાદવામાં આવે છે.

3. સ્થાનિક સરકારો દ્વારા પેટ્રોલિયમ પેદાશો અને વીજળી પર મૂલ્યવર્ધિત કર (VAT) વસૂલવામાં આવે છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 1 અને 3
(C) ફક્ત 2 અને 3
(D) 1, 2 અને 3

91. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. વસ્તુઓ અને સેવાઓની આંતર-રાજ્ય અવરજવર પર IGST લાગુ પડે છે.

2. વસ્તુઓ અને સેવાઓની આયાત અને નિકાસ પર SGST લાગુ પડે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

92. પ્રધાનમંત્રી જનધન યોજના (PMJDY) ના સંદર્ભમાં નીચેનામાંથી કયું વિધાન ખોટું છે?

(A) PMJDY ખાતાઓમાં લઘુત્તમ બેલેન્સ જાળવવાની કોઈ જરૂર નથી.

(B) PMJDY ખાતા ધારકને Rupay ક્રેડિટ કાર્ડ આપવામાં આવે છે.

(C) લાયક PMJDY ખાતા ધારકો માટે દસ હજાર રૂપિયા સુધીની ઓવરડ્રાફ્ટ સુવિધા ઉપલબ્ધ છે.

(D) આ યોજનાનો મુખ્ય હેતુ સમાજના ઓછી આવક ધરાવતા અને નબળા વર્ગોમાં નાણાકીય સમાવેશ પ્રોત્સાહન આપવાનો છે.

93. છૂપી બેરોજગારી વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. છુપી બેરોજગારી એ એક એવી પરિસ્થિતિ છે જેમાં કામદારની સીમાંત ઉત્પાદકતા શૂન્ય છે.

2. ભારતમાં સેવા ક્ષેત્રમાં છુપી બેરોજગારી મુખ્યત્વે જોવા મળે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ



[Contd.

94. જળ જીવન મિશન (JJM) વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:
   1. JJM 2019માં શરૂ કરવામાં આવ્યું હતું.
   2. JJMનો ઉદ્દેશ્ય ગ્રામીણ પરિવારો માટે પાઇપલાઇન દ્વારા પીવાના પાણીની વિશ્વસનીય પહોંચ પૂરી પાડીને લાંબા ગાળાની પાણીની સુરક્ષા સુનિશ્ચિત કરવાનો છે.
   3. ગુજરાતે JJM હેઠળ 80% કવરેજ પ્રાપ્ત કર્યું છે.

   ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

   (A) ફક્ત 1 અને 2
   (B) ફક્ત 1 અને 3
   (C) ફક્ત 2 અને 3
   (D) 1, 2 અને 3

95. નીચેનાં વિધાનો ધ્યાને લો:
   1. ભારતમાં ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગ સંગઠિત ઉત્પાદન ક્ષેત્રમાં સૌથી મોટા રોજગારદાતાઓમાંનો એક છે.
   2. પ્રધાનમંત્રી કિસાન સંપદા યોજના (PMKSY) આધુનિક માળખાગત સુવિધાઓ વિકસાવવા ખેતરથી છૂટક વેપાર સુધીની સાંકળો અને પુરવઠાને શ્રેષ્ઠ બનાવવા ખેતરથી છૂટક વેપાર સુધી સપ્લાય ચેઇનને ઈષ્ટત્તમ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

   ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

   (A) ફક્ત 1
   (B) ફક્ત 2
   (C) 1 અને 2 બંને
   (D) બંનેમાંથી એક પણ નહિ

96. પ્રાદેશિક ગ્રામીણ બેન્કો (RRBs) નીચેનાં વિધાનો ધ્યાને લો:
   1. RRBs ને નાબાર્ડ દ્વારા પુનર્ધિરાણ આપવામાં આવે છે.
   2. વિવિધ નાણાકીય માપદંડો દ્વારા માપવામાં આવતા, એકીકૃત સ્તરે RRBs ના પ્રદર્શનમાં સમય જતાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે.

   ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

   (A) ફક્ત 1
   (B) ફક્ત 2
   (C) 1 અને 2 બંને
   (D) બંનેમાંથી એક પણ નહિ

97. નીચેનાં વિધાનો ધ્યાને લો:
   1. ક્રેડિટ ગેરંટી યોજના હેઠળ સૂક્ષ્મ અને લઘુ ઉદ્યોગોને કોલેટરલ મુક્ત (જામીન મુક્ત) લોન આપવામાં આવે છે.
   2. ખાદી અને ગ્રામોદ્યોગ વિકાસ યોજના (KGVY) એક કેન્દ્રીય ક્ષેત્ર યોજના છે અને આ યોજનામાં કોઈ રાજ્ય ઘટક સામેલ નથી.

   ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

   (A) ફક્ત 1
   (B) ફક્ત 2
   (C) 1 અને 2 બંને
   (D) બંનેમાંથી એક પણ નહિ



[Contd.

98. અવકાશ ક્ષેત્રમાં પ્રત્યક્ષ વિદેશી મૂડીરોકાણ (FDI) વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:
1. અવકાશ ક્ષેત્રમાં 100% FDI ને મંજૂરી છે.
2. FDI નીતિના ઉદારીકરણથી ભારત અવકાશ ક્ષેત્રમાં આત્મનિર્ભર બનશે.
ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

99. બહુપરિમાણીય ગરીબી સૂચકાંક (MPI) વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:
1. માનવ ગરીબી સૂચકાંક (HPI) ની તુલનામાં MPI ગરીબીનો વધુ સારો સૂચકાંક છે.
2. ગરીબીનો અંદાજ લગાવવા માટે MPI કોઈપણ સેવાઓને ધ્યાનમાં લેતું નથી.
ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

100. મૂડી સર્જન વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:
1. બચત અર્થતંત્રમાં મૂડી સર્જનને પ્રોત્સાહન આપે છે.
2. ચોખ્ખા મૂડી સર્જનમાં સ્થિર મૂડીના ઘસારાનો સમાવેશ થાય છે.
ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

101. ભારતમાં રાષ્ટ્રીય ઉદ્યાનો વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:
1. સુંદરવન રાષ્ટ્રીય ઉદ્યાન વિશ્વનું સૌથી મોટું મેન્ગ્રોવ જંગલ છે.
2. નંદાદેવી બાયોસ્ફિયર રિઝર્વ એ સ્થાનિક હિમાલય વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિનું ઘર છે.
ઉપરોક્તમાંથી કયાં વિધાન સાચા છે?
(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

102. ભારતમાં નીચેની ભૂસ્તરશાસ્ત્રીય રચનાઓ ધ્યાને લો:
1. ડેક્કન ટ્રેપ્સ મુખ્યત્વે ગ્રેનાઈટ અને બેસાલ્ટથી બનેલા છે.
2. ગોંડવાના ખડક પ્રણાલી ભારતમાં સૌથી સમૃદ્ધ કોલસા-ધારી રચનાઓમાંની એક છે.
3. અરવલ્લી ટેકરીઓ ભારતમાં સૌથી નવીન ફોલ્ડ પર્વતમાળા છે.
ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
(A) ફક્ત 1
(B) ફક્ત 1 અને 2
(C) ફક્ત 2 અને 3
(D) 1, 2 અને 3

103. ભારતમાં વસ્તી વિતરણ (2011) વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:
1. ભારતમાં સૌથી વધુ વસ્તી ગીચતા બિહાર રાજ્યમાં જોવા મળે છે.
2. 1981ની વસ્તી ગણતરી પછી ભારતની વસ્તી વૃદ્ધિ દરમાં ઘટાડો જોવા મળ્યો છે.
3. રાષ્ટ્રીય સરેરાશ કરતા ગુજરાતમાં વસ્તી ગીચતા ઓછી છે.
ઉપરોક્તમાંથી કયું/કયાં વિધાન/વિધાનો ખોટું/ખોટાં છે?
(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) ફક્ત 1 અને 2
(D) ફક્ત 3

104. 2011 ની વસ્તી ગણતરી મુજબ ભારતમાં નીચેના ભાષાકીય જૂથોને તેમની વસ્તીના ઉતરતા ક્રમમાં ગોઠવો:
1. બંગાળી
2. તેલુગુ
3. મરાઠી
4. તમિલ
નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.
(A) 1-2-3-4
(B) 1-3-2-4
(C) 3-1-2-4
(D) 1-2-4-3

105. નીચેનામાંથી કયું વંશીય જૂથ મુખ્યત્વે ભારતના ઉત્તર-પૂર્વીય રાજ્યોમાં જોવા મળે છે?
(A) ભીલ
(B) સંથાલ
(C) ખાસી
(D) ગોંડ

106. ગુજરાતમાં ગ્રામીણ તરફથી શહેરી સ્થળાંતરનું મુખ્ય કારણ શું?
(A) કૃષિ સંકટ
(B) રોજગારની વધુ સારી તકો
(C) શૈક્ષણિક સુવિધાઓ
(D) ઔદ્યોગિક વિસ્તરણ

107. ભારતીય અર્થતંત્રની ક્ષેત્રીય રચના વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:
1. કૃષિ ક્ષેત્ર ભારતના GDP માં 30% થી વધુ યોગદાન આપે છે.
2. તાજેતરના વર્ષોમાં સેવા ક્ષેત્ર ભારતના GDP માં સૌથી મોટો ફાળો આપનાર રહ્યું છે.
3. ભારતમાં રોજગારમાં ઉત્પાદન ક્ષેત્રે સતત 50%થી વધુ યોગદાન આપ્યું છે.
ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 2
(C) ફક્ત 1 અને 3
(D) 1, 2 અને 3

B

108. ભારતના મુખ્ય ઔદ્યોગિક પ્રદેશો સંબંધિત જોડકાં ધ્યાને લો:

| ઔદ્યોગિક ક્ષેત્ર | મુખ્ય ઉદ્યોગ |
|---|---|
| 1. મુંબઈ-પુણે | માહિતી ટેકનોલોજી |
| 2. છોટા નાગપુરનો ઉચ્ચ પ્રદેશ | કોટન ટેક્સટાઇલ ઉદ્યોગ |
| 3. કોઈમ્બતુર | ટેક્સટાઇલ ઉદ્યોગ |
| 4. જામનગર | ઓટોમોબાઇલ મેન્યુફેક્ચરિંગ |

ઉપરોક્તમાંથી કેટલા જોડકાં સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) ફક્ત 3
(D) બધા જ

109. આંતરરાષ્ટ્રીય દિનાંક રેખા વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ગ્રીનવિચથી પૂર્વ તરફ જવાથી સમય વધે છે અને પશ્ચિમ તરફ જવાથી સમય ઘટે છે.
2. રશિયાથી યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા વચ્ચેની બેરીંગ સામુદ્રધુની પાર કરવાથી એક દિવસ ઓછો થાય છે.
3. 180° પૂર્વ રેખાંશ, 180° પશ્ચિમ રેખાંશ અને આચ્છાદિત અથવા વાંકીચૂંકી આંતરરાષ્ટ્રીય દીનાંતર રેખા (or zig-zag International date-line) બધા સમાન છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 3
(D) 1, 2 અને 3

110. નીચે આપેલાં વિશ્વનાં શહેરોને તેમના સૂર્યાસ્ત સમયના કાલક્રમમાં ગોઠવો:

1. હોંગકોંગ
2. સિંગાપોર
3. દાવોસ
4. દુબઈ

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) 3, 4, 1, 2
(B) 4, 2, 1, 3
(C) 2, 1, 3, 4
(D) 1, 2, 4, 3

111. સમુદ્રની લાક્ષણિકતાઓ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. દરિયાઈ પાણીના તાપમાન અને ખારાશની સ્થિતિ પાણીની ઘનતા નક્કી કરે છે.
2. તાપમાનનો ઘનતા સાથે સકારાત્મક સંબંધ છે અને ખારાશનો ઘનતા સાથે નકારાત્મક સંબંધ છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ



[Contd.

112. દુનિયાના મહાસાગરો વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. પ્રશાંત મહાસાગર વિશ્વનો સૌથી મોટો અને સૌથી ઊંડો મહાસાગર છે.

2. પાંચ મહાસાગરોમાં હિંદ મહાસાગરમાં સામાન્ય રીતે સૌથી વધુ સરેરાશ ખારાશ હોય છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

113. ભારતના દ્વીપકલ્પીય ઉચ્ચપ્રદેશની નીચેની પર્વતમાળાઓને લંબાઈના ઉતરતા ક્રમમાં ગોઠવો. (કિલોમીટરમાં)

1. પૂર્વી ઘાટ
2. વિંધ્ય પર્વતમાળા
3. પશ્ચિમ ઘાટ
4. સાપુતારા પર્વતમાળા

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) 1, 3, 2, 4
(B) 3, 2, 1, 4
(C) 2, 1, 3, 4
(D) 1, 2, 4, 3

114. નીચેનામાંથી કયાં ગ્રહોને નરી આંખે નિહાળી શકાય છે?

1. બુધ
2. યુરેનસ
3. ગુરુ
4. શનિ

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 1, 2 અને 4
(C) ફક્ત 1 અને 3
(D) ફક્ત 1, 3 અને 4

115. મૃત જ્વાળામુખી વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. એક વાર પ્રસ્ફુટન થયા પછી તે નિષ્ક્રિય થઈ જાય છે.

2. બેરન ટાપુનો જ્વાળામુખી મૃત જ્વાળામુખી છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

116. સમતાપ આવરણ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:
1. આ આવરણમાં ઋતુઓ થાય છે.
2. એમાં વાદળ, વંટોળ અને ભારે વરસાદને કારણે જેટ વિમાનો ઝડપથી ઊડી શકતા નથી.
ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

117. જમીન અને દરિયાઈ લહેરો વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:
1. દરિયાઈ લહેર એ મોસમી પવનો છે.
2. જમીન લહેર એ સ્થાનિક પવનો છે.
ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

118. મૃત સમુદ્રમાં ક્ષારતાનું પ્રમાણ વધારે છે કારણ કે.....
1. તે બંધિયાર અને ચારે બાજુથી રણપ્રદેશથી ઘેરાયેલો છે.
2. એમાં વરસાદ અને જોર્ડન નદીથી ઉમેરતા તાજા પાણી કરતાં બાષ્પીભવન ઘણું વધારે થાય છે.
ઉપર પૈકી કયું/કયાં કારણ/કારણો સાચું/સાચાં છે?
(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

119. ભરતી-ઓટ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:
1. સૂર્ય ચંદ્ર કરતાં દ્રવ્યમાનમાં ઘણો મોટો હોવાથી પૃથ્વી પર તેનું આકર્ષણબળ ચંદ્ર કરતાં વધુ હોય છે તેથી ભરતી-ઓટના નિર્માણમાં ચંદ્ર કરતાં સૂર્ય મુખ્ય પરિબળ છે.
2. ચંદ્ર સૂર્ય કરતાં પૃથ્વીની વધારે નજીક હોવાથી પૃથ્વી પર તેનું આકર્ષણબળ સૂર્ય કરતાં વધુ હોય છે તેથી ભરતી-ઓટના નિર્માણમાં સૂર્ય કરતાં ચંદ્ર મુખ્ય પરિબળ છે.
ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

120. 'ઇન્દિરા પોઈન્ટ' વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:
1. ભારતની મુખ્ય ભૂમિથી દૂર આવેલા કેન્દ્રશાસિત પ્રદેશ લક્ષદ્વીપ સમૂહનું દક્ષિણતમ બિંદુ 'ઇન્દિરા પોઈન્ટ' આવેલું છે.
2. 2004ના સુનામી દરમિયાન આ સ્થળનો ઘણો ખરો ભાગ પાણીમાં ડૂબી ગયો છે.
ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ



[Contd.

121. ચાના પાક વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ચાના પાક માટે પોટાશ, ફોસ્ફરસ અને લોહતત્વવાળી જમીન જોઈએ.

2. અસમ ભારતમાં બીજું મોટું ચાનું ઉત્પાદક રાજ્ય છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

122. ભારતમાં વન્ય પ્રાણીઓ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ભારતમાં ગિબ્બન વાંદરા માત્ર ઉત્તર-પૂર્વ ભારતના વરસાદી જંગલોમાં જોવા મળે છે.

2. 'રોયલ બેંગાલ ટાઈગર' માત્ર સુંદરવનમાં જોવા મળે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

123. નીચે આપેલાં જૈવ મંડળ આરક્ષિત ક્ષેત્ર અને તેનાં રાજ્યના જોડકાંને યોગ્ય રીતે જોડો:

| આરક્ષિત ક્ષેત્રનું નામ | રાજ્ય |
|---|---|
| a. નીલગિરિ | 1. અસમ |
| b. નંદાદેવી | 2. ઉત્તરાખંડ |
| c. માનસ | 3. મધ્યપ્રદેશ |
| d. પંચમઢી | 4. તામિલનાડુ, કેરળ, કર્ણાટક |

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 3 | 4 | 1 | 2 |
| (B) | 4 | 2 | 1 | 3 |
| (C) | 2 | 3 | 4 | 1 |
| (D) | 4 | 1 | 2 | 3 |

124. ચંબલ નદી પર નીચેનામાંથી કયા બંધ બાંધવામાં આવ્યાં છે?

1. ગાંધીસાગર

2. રાણા પ્રતાપસાગર

3. જવાહરસાગર

ઉપર પૈકી કયાં સાચા છે?

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 3
(D) 1, 2 અને 3

125. ભાખરા બંધ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:
1. સતલજ નદી પર પંજાબના ભાખરા ગામ પાસે આવેલો છે.
2. તેનાથી ગોવિંદસાગર સરોવર નિર્માણ પામ્યું છે.
ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

126. પૃથ્વીના તાપમાનને નિયંત્રિત કરવાની પાણીની ક્ષમતા કયા ગુણધર્મને કારણે છે?
(A) નીચું પૃષ્ઠતાણ
(B) બાષ્પીભવનની ઊંચી સુષુપ્ત ગરમી
(C) ઉચ્ચ ઘનતા
(D) નીચું ઉત્કલન બિંદુ

127. પૃથ્વીના વાતાવરણમાં 65% થી વધુ ઓક્સિજન ઉત્પન્ન કરવા માટે નીચેનામાંથી કયું જવાબદાર છે?
(A) પૃથ્વી પરની વનસ્પતિ
(B) એમેઝોનના વરસાદી જંગલ
(C) પરવાળાં
(D) મહાસાગરો

128. ગુજરાતની કઈ નદી મગરોની નોંધપાત્ર વસ્તી માટે જાણીતી છે?
(A) નર્મદા
(B) વિશ્વામિત્રી
(C) તાપી
(D) સાબરમતી

129. પૃથ્વીના વાતાવરણમાં કયો ગ્રીનહાઉસ વાયુ ભરપૂર માત્રામાં છે?
(A) કાર્બન ડાયોક્સાઇડ
(B) ઓક્સિજન
(C) પાણીની વરાળ
(D) નાઇટ્રોજન

130. "કાર્બન ફૂટપ્રિન્ટ" એટલે.....
(A) વૃક્ષો દ્વારા શોષાયેલ કાર્બનનું પ્રમાણ
(B) માનવ પ્રવૃત્તિઓ દ્વારા પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે ઉત્પાદિત કુલ ગ્રીનહાઉસ વાયુઓ
(C) ઘર દીઠ કારની સંખ્યા
(D) માટીમાં રહેલ કાર્બન અનામતોનું ઊંડાણ

131. બરછટ અનાજને આબોહવા-સ્થિતિસ્થાપક પાક ગણવામાં આવે છે કારણ કે:
(A) તેને ખૂબ ઠંડા તાપમાનની જરૂર હોય છે.
(B) તે સૂકી અને નબળી જમીનમાં ઊગી શકે છે.
(C) તેને પુષ્કળ પાણીની જરૂર હોય છે.
(D) તે ફક્ત ભેજવાળી જમીનમાં જ ઊગે છે.

132. વૈશ્વિક સ્તરે કયું ક્ષેત્ર સૌથી વધુ ગ્રીનહાઉસ વાયુઓનું ઉત્સર્જન કરે છે?
(A) પરિવહન
(B) ઉત્પાદન
(C) ઊર્જા
(D) કૃષિ

133. નીચેનામાંથી કયું કુદરતી કાર્બન સિંક છે?
(A) પ્લાસ્ટિક કચરો
(B) મહાસાગરો
(C) અશ્મિભૂત ઇંધણ
(D) કોંક્રિટ ઇમારતો

134. અયોગ્ય બેટરી રિસાયક્લિંગ દરમિયાન નીચેનામાંથી કયું મુખ્ય પ્રદૂષક છોડવામાં આવે છે?
(A) ઓક્સિજન
(B) નાઇટ્રોજન ગેસ
(C) ભારે ધાતુઓ
(D) કાર્બન ડાયોક્સાઇડ

135. પ્લાસ્ટિક બાળવામાં આવે ત્યારે સામાન્ય રીતે કયો હાનિકારક વાયુ બહાર આવે છે?
(A) નાઇટ્રોજન
(B) ઓક્સિજન
(C) ડાયોક્સિન
(D) કાર્બન ડાયોક્સાઇડ

136. ગ્રીનહાઉસ અસરનું પ્રાથમિક કાર્ય શું છે?
(A) પૃથ્વીને ગરમ કરવા માટે ગરમીને પાછી જતી રોકવી
(B) હાનિકારક પર જાંબલી કિરણોત્સર્ગને શોષી લે છે
(C) પૃથ્વીની સપાટીને ઠંડી કરો
(D) સૂર્યપ્રકાશને અવકાશમાં પાછું પ્રતિબિંબિત કરે છે

137. કઈ સંસ્થા જૈવવિવિધતાની વૈશ્વિક સ્થિતિનું નિરીક્ષણ કરે છે?
(A) IUCN
(B) IMF
(C) NASA
(D) WHO

138. _______ એ કેન્સરના દર્દીઓની સારવાર માટે રચાયેલ mRNA-આધારિત રસી બનાવીને કેન્સરની સારવારમાં એક અભૂતપૂર્વ વિકાસની જાહેરાત કરી છે.
(A) રશિયા
(B) જાપાન
(C) જર્મની
(D) ફ્રાન્સ

139. ગોદાવરી નદી પરની પોલાવરમ બહુહેતુક યોજના કયાં રાજ્યમાં આવેલી છે?
(A) મહારાષ્ટ્ર
(B) તેલંગાણા
(C) આંધ્રપ્રદેશ
(D) છત્તીસગઢ

140. કેન્દ્ર સરકારની સંસ્થા, ઇન્ડિયા સેમિકન્ડક્ટર મિશન (ISM) એ ગુજરાતમાં કઈ જગ્યાએ સેમિકન્ડક્ટર સુવિધા સ્થાપવા માટે ટાટા ઇલેક્ટ્રોનિક્સ અને ટાટા સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ સાથે નાણાકીય સહાય કરાર પર હસ્તાક્ષર કર્યા છે.
(A) સુરત
(B) ગિફ્ટ સિટી
(C) બરોડા
(D) ધોલેરા



[Contd.

B

141. નીચનામાંથી કયું પૂર્વીય મેરીટાઇમ કોરિડોર (Eastern Maritime Corridor) દર્શાવે છે?

(A) ચેન્નાઈ (ભારત) ને વ્લાદિવોસ્તોક (રશિયા) ને જોડતો પ્રસ્તાવિત વેપાર માર્ગ

(B) કામરાજાર બંદર (ભારત) અને નાખોડકા (રશિયા) ને જોડતો આધુનિક વેપાર માર્ગ

(C) હિંદ મહાસાગર અને લાલ સમુદ્રને જોડતો પ્રાચીન વેપાર

(D) મુંબઈ (ભારત) અને દુક્મ (ઓમાન) ને જોડતો પ્રસ્તાવિત વેપાર માર્ગ

142. તાજેતરમાં કયા દેશોએ વ્હેલને કાયદેસરની વ્યક્તિ તરીકે માન્યતા આપવા માટે સંધિ પર હસ્તાક્ષર કર્યા?

(A) ઓસ્ટ્રેલિયા અને ફીજી

(B) ન્યુઝીલેન્ડ અને કુક ટાપુઓ

(C) જાપાન અને દક્ષિણ કોરિયા

(D) કેનેડા અને ગ્રીનલેન્ડ

143. તાજેતરમાં કયા દેશે સૅલ્મોનેલા (salmonella) દૂષણને કારણે ભારતીય મસાલા સંબંધિત લગભગ એક તૃતીયાંશ શિપમેન્ટને નકારી કાઢ્યું છે?

(A) યુકે

(B) રશિયા

(C) કેનેડા

(D) યુએસએ

144. કયો લેટિન અમેરિકન દેશ ચીનના બેલ્ટ એન્ડ રોડ (BRI) પહેલમાંથી બહાર નીકળી ગયો છે?

(A) મેક્સિકો

(B) પનામા

(C) નિકારાગુઆ

(D) કોસ્ટારિકા

145. ફોરેસ્ટ (વન) ઇકોસિસ્ટમને ગ્રીન જીડીપી સાથે જોડનાર પ્રથમ ભારતીય રાજ્ય કયું છે?

(A) છત્તીસગઢ

(B) ઝારખંડ

(C) મિઝોરમ

(D) મધ્યપ્રદેશ

146. ભારતે 2024માં કયા દેશના નાગરિકો માટે ઈ-મેડિકલ અને ઈ-મેડિકલ એટેન્ડન્ટ વિઝા સુવિધા ધરી/ આપી હતી?

(A) બાંગ્લાદેશ

(B) નેપાળ

(C) ભૂટાન

(D) પાકિસ્તાન

147. કન્યાકુમારી ગ્લાસ બ્રિજ નીચેના બેમાંથી કોને સાંકળે છે?

(A) વિવેકાનંદ રોક અને તિરુવલ્લુવર પ્રતિમા

(B) રામેશ્વરમ ટાપુ મંડપમ સાથે

(C) ઇન્દિરા પોઇન્ટ અને તમિલનાડુ મુખ્ય ભૂમિ

(D) ધનુષકોડી અને તલાઇમન્નાર

148. સુરક્ષા અંગેની કેબિનેટ સમિતિ (CCS) વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. તેની અધ્યક્ષતા કેન્દ્રીય ગૃહમંત્રી કરે છે.
2. તે રાષ્ટ્રીય સુરક્ષા સંબંધિત બાબતો પર નિર્ણય લેતી સર્વોચ્ચ સંસ્થા છે.
3. વિદેશમંત્રી તેના સભ્ય છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) ફક્ત 1 અને 2
(D) ફક્ત 2 અને 3

149. અમેરિકાના ઉપરાષ્ટ્રપતિની ભારત મુલાકાત સંદર્ભે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. રિચાર્ડ નિક્સન ભારતની મુલાકાત લેનારા પ્રથમ અમેરિકન ઉપરાષ્ટ્રપતિ છે.
2. અમેરિકાના ઘણા ઉપરાષ્ટ્રપતિઓએ અગાઉ ભારતની ઔપચારિક મુલાકાતો લીધી છે.
3. જે.ડી. વાન્સ ભારતની મુલાકાત લેનારા પ્રથમ અમેરિકન ઉપરાષ્ટ્રપતિ છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 1 અને 2
(C) ફક્ત 3
(D) ફક્ત 2 અને 3

150. પહેલગામ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. તે અનંતનાગ જિલ્લાના ઉત્તર પૂર્વમાં આવેલું છે.
2. નીલમ નદી પહેલગામમાંથી પસાર થાય છે.
3. પવિત્ર અમરનાથની ગુફા તરફ જવાના માર્ગ પરનું મહત્વપૂર્ણ સ્થળ છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) ફક્ત 3
(D) ફક્ત 1 અને 3

151. સરદાર સરોવર યોજના વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. આ યોજના મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ગુજરાત અને રાજસ્થાનની સહિયારી યોજના છે.
2. આ યોજના ગુજરાતના ભરૂચ જિલ્લાના નવાગામ પાસે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

152. નીચે આપેલી સિંચાઇ યોજનાઓ અને તેની નદીઓના જોડકાંને યોગ્ય રીતે જોડો:

| સિંચાઇ યોજનાઓ | નદી |
| --- | --- |
| a. હીરાકુંડ | 1. કૃષ્ણા નદી |
| b. નાગાર્જુનસાગર | 2. ભાગીરથી નદી |
| c. તેહરી | 3. કાવેરી |
| | 4. મહા નદી |

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

| | a | b | c |
| --- | --- | --- | --- |
| (A) | 3 | 4 | 1 |
| (B) | 4 | 3 | 1 |
| (C) | 2 | 3 | 4 |
| (D) | 4 | 1 | 2 |

153. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ઇન્સ્યુલર (Insular) અથવા દરિયાકાંઠાના સ્થળોએ સૌથી વધુ અને સૌથી ઓછા તાપમાનનો તફાવત ઓછો હોય છે.
2. વાતાવરણને પ્રભાવિત કરતા મહત્વપૂર્ણ પરિબળના ઘટકોમાંનો પવન એક છે.
3. ઉનાળાની ઋતુમાં હિમાલય પર્વતમાળાનો ઉત્તરીય ઢોળાવ તેમના દક્ષિણ ઢોળાવની તુલનામાં વધુ ગરમ હોય છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 3
(D) 1, 2 અને 3

154. મહાસાગરોમાં આવેલા ક્ષારોને તેમની માત્રાના ઘટતા ક્રમમાં ગોઠવો:

1. કેલ્શિયમ સલ્ફેટ
2. મેગ્નેશિયમ સલ્ફેટ
3. મેગ્નેશિયમ ક્લોરાઈડ
4. પોટેશિયમ સલ્ફેટ

નીચેનામાંથી સાચો વિકલ્પ પસંદ કરો.

(A) 2, 4, 3, 1
(B) 3, 2, 1, 4
(C) 3, 1, 4, 2
(D) 2, 3, 4, 1

155. વન્યજીવ અભયારણ્ય અને રાજ્યની નીચેનામાંથી કઈ જોડી સાચી નથી?

(A) ગૌતમ બુદ્ધ વન્યજીવન અભયારણ્ય - ઉત્તર પ્રદેશ
(B) પારસનાથ વન્યજીવન અભયારણ્ય - ઝારખંડ
(C) ભગવાન મહાવીર વન્યજીવન- અભયારણ્ય - ગોવા
(D) માધવ વન્યજીવન અભયારણ્ય - મધ્યપ્રદેશ



[Contd.

156. સ્વામિત્વ યોજના સંબંધિત નીચેનાં વિધાનો ધ્યાનમાં લો:

1. આ યોજનાનો ઉદ્દેશ ડ્રોન ટેક્નોલોજીનો ઉપયોગ કરીને જમીનનું મેપિંગ કરીને ગ્રામીણ જમીનમાલિકોને પ્રોપર્ટી કાર્ડ આપવાનો છે.
2. આ યોજનામાં ગ્રામીણ વિસ્તારોમાં રહેણાંક જમીનનો સમાવેશ થાય છે, ખેતીની જમીનનો નહીં.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

157. રાષ્ટ્રીય સાયબર ક્રાઇમ પોલિસી અને પહેલ અંગે નીચેનાં વિધાનો ધ્યાનમાં લો:

1. ભારતના સાયબર ક્રાઇમ પોલિસી માળખા હેઠળ, ઇન્ડિયન સાયબર ક્રાઇમ કોઓર્ડિનેશન સેન્ટર (I4C) તમામ પ્રકારના સાયબર ક્રાઇમની ઓનલાઈન જાણ કરવાની સુવિધા માટે રાષ્ટ્રીય સાયબર ક્રાઇમ રિપોર્ટિંગ પોર્ટલનું પણ સંચાલન કરે છે.
2. તાજેતરની પહેલ (2024-25) મુજબ, પોલિસી દરેક રાજ્યને સરહદ પારના સાયબર હુમલાઓનો સામનો કરવા માટે વિશિષ્ટ રીતે "સાયબર વોરિયર ફોર્સ" સ્થાપિત કરવાનો આદેશ આપે છે.
3. રાષ્ટ્રીય સાયબર ક્રાઇમ પોલિસી સાયબર ક્રાઇમ વોલેન્ટિયર ફ્રેમવર્ક બનાવવાની કલ્પના કરે છે જ્યાં નાગરિકો કાયદા અમલીકરણ એજન્સીઓને સાયબર ક્રાઇમની જાણ કરવામાં અને તેને રોકવામાં મદદ કરી શકે છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 3
(D) 1, 2 અને 3

158. ભારતના અવકાશ આધારિત આપત્તિ વ્યવસ્થાપન પ્રયાસોમાં ભાગીદારીના સંદર્ભમાં, નીચેનાં વિધાનો ધ્યાનમાં લો:

1. 2025 માં, ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ISRO) એ નેશનલ રીમોટ સેન્સીંગ સેન્ટર (રાષ્ટ્રીય દૂરસંવેદન કેન્દ્ર NRSC) દ્વારા અવકાશ અને મોટી આપત્તિઓ પરના આંતરરાષ્ટ્રીય ચાર્ટરનું સંકલન કરવાની મુખ્ય ભૂમિકા સ્વીકારી.
2. તેની ભૂમિકાના ભાગરૂપે, ISRO વૈશ્વિક સ્તરે આપત્તિઓ દરમિયાન તાલીમ પ્રવૃત્તિઓ સુવિધાજનક બનાવવા, સક્રિયકરણ વિનંતીઓનું સંચાલન કરવા અને વાસ્તવિક સમયની દેખરેખ માટે ઉપગ્રહો તૈનાત કરવા માટે જવાબદાર છે.
3. અવકાશ અને મોટી આપત્તિઓ પરનું આંતરરાષ્ટ્રીય ચાર્ટર એ યુનાઇટેડ નેશન્સ ઓફિસ ફોર આઉટર સ્પેસ અફેર્સ (UNOOSA) હેઠળની એક પહેલ છે અને તે ફક્ત યુએન સભ્ય દેશો સુધી મર્યાદિત છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 3
(D) 1, 2 અને 3

159. ભારતના તાજેતરના આંતરરાષ્ટ્રીય ઊર્જા ક્ષેત્રના સહયોગના સંદર્ભમાં, નીચેનાં વિધાનો ધ્યાનમાં લો:

1. ભારત અને સાઉદી અરેબિયાએ ક્રૂડ ઓઇલ, એલપીજી પુરવઠા અને વ્યૂહાત્મક પેટ્રોલિયમ ભંડારમાં સહયોગ સહિત ઊર્જા સહકાર કરારોને ઔપચારિક સ્વરૂપ આપ્યું છે.
2. ભારત અને યુએઈએ શ્રીલંકાના હમ્બનટોટા પ્રદેશમાં સંયુક્ત રીતે ઊર્જા હબ વિકસાવવા માટે દ્વિપક્ષીય કરાર પર હસ્તાક્ષર કર્યા છે, જે LNG ટર્મિનલ્સ અને પવન ઊર્જા પ્રોજેક્ટ્સ પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1 (B) ફક્ત 2
(C) 1 અને 2 બંને (D) બંનેમાંથી એક પણ નહિ

160. ભારતમાં તાજેતરના પ્રદૂષણ સંબંધિત વિકાસ અંગે નીચેનાં વિધાનો ધ્યાનમાં લો:

1. ગાળણ તકનીકનો ઉપયોગ કરીને વાયુ પ્રદૂષણ ઘટાડવા માટે મુંબઈમાં ભારતનું પ્રથમ સ્મોગ ટાવરનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.
2. નમામિ ગંગે કાર્યક્રમ હેઠળ નદીના પટને સાફ કરવા માટે બાયો-રેમિડિએશનનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1 (B) ફક્ત 2
(C) 1 અને 2 બંને (D) બંનેમાંથી એક પણ નહિ

161. અલ નીનોની ભારતીય ચોમાસા પરની અસર અંગે નીચેનાં વિધાનો ધ્યાનમાં લો:

1. અલ નીનો સામાન્ય રીતે ભારતીય ઉપખંડ પર સામાન્ય કરતાં વધુ મજબૂત ચોમાસાના પવનો સાથે સંકળાયેલું છે.
2. અલ નીનો અને ભારતીય ચોમાસા વચ્ચેનો સંબંધ સીધો છે અને હંમેશા ભારતમાં દુષ્કાળમાં પરિણમે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1 (B) ફક્ત 2
(C) 1 અને 2 બંને (D) બંનેમાંથી એક પણ નહિ

162. જીન થેરાપી અંગે નીચેનાં વિધાનો ધ્યાનમાં લો:

1. જીન થેરાપી દર્દીના કોષોમાં નવી આનુવંશિક સામગ્રી દાખલ કરીને રોગોની સારવાર કરે છે અથવા તેને અટકાવે છે.
2. જીન થેરાપી માનવ કોષોમાં જીનો પહોંચાડવા માટે ફક્ત વાયરલ વેક્ટર્સનો ઉપયોગ કરે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1 (B) ફક્ત 2
(C) 1 અને 2 બંને (D) બંનેમાંથી એક પણ નહિ

163. રાષ્ટ્રીય દૂરસંવેદન કેન્દ્ર (NRSC) વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. NRSC મુખ્યત્વે ભારતના હવામાન આગાહી ઉપગ્રહોના વિકાસ અને સંચાલન માટે જવાબદાર છે.

2. NRSC દૂરસંવેદન તકનીક દ્વારા જમીન ઉપયોગ, વનસ્પતિ આવરણ અને જળ સંસાધનો પર વાસ્તવિક સમયનો ડેટા પ્રદાન કરીને પર્યાવરણીય દેખરેખ અને આપત્તિ વ્યવસ્થાપનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

164. રાષ્ટ્રીય જળવાયુ પરિવર્તન કાર્ય યોજના (NAPCC) ________ ના સિદ્ધાંત પર આધારિત છે.

(A) ઔદ્યોગિકીકરણ
(B) શહેરીકરણ
(C) આર્થિક ઉદારીકરણ
(D) ટકાઉ વિકાસ

165. કયું બાયોમ સૌથી વધુ જૈવ વિવિધતા ધરાવે છે?

(A) રણ
(B) ઉષ્ણકટિબંધીય વરસાદી જંગલ
(C) ઘાસના મેદાન
(D) ટુંડ્ર

166. નીચેનામાંથી કઈ માનવ પ્રવૃત્તિઓ જૈવવિવિધતા પર સૌથી વધુ નકારાત્મક અસર કરે છે?

(A) રહેઠાણનો વિનાશ
(B) પુનઃવનીકરણ
(C) સજીવ ખેતી
(D) સંરક્ષણ પ્રયાસો

167. સ્થાનિક (Endemic) પ્રજાતિઓ એવી પ્રજાતિઓ છે જે:

(A) વિશ્વભરમાં જોવા મળે છે
(B) ઋતુ પ્રમાણે સ્થળાંતર કરે છે
(C) ફક્ત ચોક્કસ ભૌગોલિક વિસ્તારમાં જોવા મળે છે
(D) લુપ્ત થઈ ગઈ છે

168. નીચેનામાંથી કોને "કુદરતની કિડની" તરીકે ઓળખવામાં આવે છે?

(A) જંગલો
(B) નદીઓ
(C) આર્દ્ર ભૂમિ (Wetlands)
(D) પર્વતો

169. કચરો ભરેલ જગ્યાઓ (landfills) ઘણીવાર જ્વાળાઓ વિના ધુમાડો કેમ છોડે છે?

(A) મિથેન અને ગરમી ભેગી થવાને કારણે લાગતી ભૂગર્ભ આગને કારણે
(B) ભૂગર્ભમાં ઓક્સિજનના સ્તરમાં વધારો થવાને કારણે
(C) પાણીની સપાટી પર બાષ્પીભવન અને ભૂગર્ભમાં ઉચ્ચ કાર્બન ડાયોક્સાઇડને કારણે
(D) લેન્ડફિલમાં વધુ માત્રામાં નાઇટ્રોજનને કારણે

 [Contd.

170. ગોળના શુદ્ધિકરણમાં સામાન્ય રીતે કયા રસાયણનો ઉપયોગ થાય છે?
(A) કેલ્શિયમ હાઇડ્રોક્સાઇડ
(B) સોડિયમ બાયકાર્બોનેટ (ખાવાનો સોડા)
(C) સોડિયમ હાઇડ્રોસલ્ફાઇટ
(D) પોટેશિયમ પરમેંગેનેટ.

171. કૃષિ માં "કોટેડ" યુરિયાનો મુખ્ય ફાયદો શો છે?
(A) તે નાઇટ્રોજનનું લીચિંગ ઘટાડે છે.
(B) તે પાક સિવાયના છોડના વિકાસને વેગ આપે છે.
(C) તે છોડો માટે ઝડપી નાઇટ્રોજન છોડે છે.
(D) તે જમીન દ્વારા શોષાયેલા પાણીનું પ્રમાણ વધારે છે.

172. શહેરી વિસ્તારોમાં કોનોકાર્પસના વાવેતર અંગે મુખ્ય ચિંતા શું છે?
(A) તે સ્થાનિક વન્યજીવનને ટેકો આપે છે અને જૈવવિવિધતા વધારે છે.
(B) તે એક દુર્લભ પ્રજાતિ છે જેને સુરક્ષિત રાખવાની જરૂર છે.
(C) તેની પરાગરજને કારણે મનુષ્યોમાં એલર્જી થઈ શકે છે.
(D) તેના સૌંદર્યને કારણે તે પ્રવાસીઓને આકર્ષે છે.

173. અંદરના વિસ્તારોની તુલનામાં દરિયાકાંઠાના વિસ્તારોમાં ખૂબ ગરમ કે ખૂબ ઠંડી આબોહવા હોતી નથી, સમ આબોહવા હોય છે તે બાબત નીચેનામાંથી કયો વિકલ્પ શ્રેષ્ઠ રીતે સમજાવે છે?
(A) પાણીનું સરળતાથી બાષ્પીભવન થાય છે.
(B) પાણી જમીન કરતાં વધુ ઘટ્ટ હોય છે.
(C) પાણીમાં વિશિષ્ટ તાપમાન ઊંચું હોય છે.
(D) પાણીનું ઉત્કલન બિંદુ ઓછું હોય છે.

174. જીવો માટે પાણીનું વિશિષ્ટ ઊંચું તાપમાન શા માટે મહત્વપૂર્ણ છે?
(A) તે પાણીને ઝડપથી થીજી જવા દે છે અને કોષોનું રક્ષણ કરે છે.
(B) તે ગરમીમાં પાણીનું તરત જ બાષ્પીભવન કરે છે.
(C) તે સજીવોને આંતરિક તાપમાન સ્થિર રાખવામાં મદદ કરે છે.
(D) તે પાણીને અન્ય પદાર્થો સાથે ભળતા અટકાવે છે.

175. પૃથ્વીના વાતાવરણમાં પ્રારંભિક ઓક્સિજનના છોડવા માટે કયા સજીવો મુખ્યત્વે જવાબદાર છે?
(A) ડાયનાસોર
(B) સાયનોબેક્ટેરિયા
(C) લીલા છોડ
(D) ફૂગ



[Contd.

176. નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સી (NIA) વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:
1. રાજ્ય સરકાર કેન્દ્ર સરકારને કેસની તપાસ NIAને સોંપવા વિનંતી કરી શકે છે.
2. તે આતંકવાદી કેસોની તપાસમાં તમામ રાજ્યો અને અન્ય તપાસ એજન્સીઓને મદદ કરે છે.
ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

177. કયા બે દેશો યુક્રેન સાથે દક્ષિણમાં સરહદ ધરાવે છે?
(A) પોલેન્ડ અને સ્લોવાકિયા
(B) મોલ્ડોવા અને રોમાનિયા
(C) બેલારુસ અને લિથુઆનિયા
(D) લેટેવિયા અને રશિયા

178. સિંધુ જળ સંધિ મુજબ, ભારતને નીચેની કઈ નદીઓમાં અમર્યાદિત ઉપયોગનો અધિકાર છે ?
(A) સિંધુ, જેલમ, ચિનાબ
(B) રવિ, બિયાસ, સતલજ
(C) સિંધુ, ચેનાબ, બિયાસ
(D) રવિ, જેલમ, ચિનાબ

179. શ્રી માર્તંડ સૂર્ય મંદિર ____________ માં આવેલું છે.
(A) અનંતનાગ, જમ્મુ અને કાશ્મીર
(B) કોણાર્ક, ઓડિશા
(C) મોઢેરા, ગુજરાત
(D) ગોલપારા, આસામ

180. શ્રી ચંદ્રકાંત શેઠને કયા ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ યોગદાન બદલ 2025માં મરણોત્તર પદ્મશ્રીથી નવાજવામાં આવ્યા હતા?
(A) દવા
(B) જાહેર બાબતો
(C) સામાજિક કાર્ય
(D) સાહિત્ય અને શિક્ષણ

181. તાજેતરમાં યોજાયેલી કેનેડાની ચૂંટણીના પરિણામો વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:
1. કન્ઝર્વેટિવ પાર્ટીના માર્ક કાર્ની વડાપ્રધાન પદે ચૂંટાઈ આવ્યા છે.
2. લિબરલ પાર્ટીના પિયરે પોલિવરની હાર થઈ છે.
ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

182. 'જ્ઞાન પોસ્ટ' વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:
1. કેન્દ્ર સરકારે ઓછામાં ઓછા ખર્ચે શૈક્ષણિક પુસ્તકો આપવા જ્ઞાન પોસ્ટની શરૂઆત કરી છે.
2. કેન્દ્ર સરકારે ઓછામાં ઓછા ખર્ચે ધાર્મિક પુસ્તકો આપવા જ્ઞાન પોસ્ટની શરૂઆત કરી છે.
ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ



[Contd.

183. ગુજરાત ગૌરવ દિવસ-2025 વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. આંતરરાષ્ટ્રીય મજૂર દિવસના રોજ ગુજરાત ગૌરવ દિવસ-2025 ઉજવવામાં આવ્યો.

2. રાજયકક્ષાનો ગુજરાત ગૌરવ દિવસ-2025 ગોધરામાં ઉજવવામાં આવ્યો.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

184. ભારતીય રિઝર્વ બેંક દ્વારા બહાર પાડવામાં આવેલ નવી સૂચનાઓ અંગે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ભારતમાં 10 વર્ષના બાળકો પોતાનું બેન્ક ખાતું સંભાળી શકશે.

2. પરંતુ તેમણે એટીએમ/ડેબિટ કાર્ડ અને ચેક બુક જેવી સુવિધાઓ પ્રદાન કરવામાં આવશે નહીં.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

185. કૈલાસ યાત્રા વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ચાર વર્ષ બાદ આ યાત્રા ફરીથી જૂન-2025થી શરૂ થશે.

2. આ યાત્રાનું આયોજન ઉત્તરાખંડ સરકાર અને વિદેશ મંત્રાલયની દેખરેખમાં કરાશે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

186. 'એલ્ડર ફ્રેન્ડલી સિટી' વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. કોચ્ચી પછી તિરુવનંતપુરમમાં બીજી 'એલ્ડર ફ્રેન્ડલી સિટી' બનશે.

2. આ મુજબ વડીલોને ઘરે જ હોસ્પિટલ જેવી સુવિધા મળશે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

187. સ્થાપક સભ્ય હોવા છતાં, બિન-જોડાણ ચળવળ (NAM) માં ભારતનો પ્રભાવ ઘટ્યો છે. નીચેનામાંથી કયું સંભવિત અનુમાન છે?

(A) NAM હવે નાટોનું સત્તાવાર અંગ છે.
(B) શીત યુદ્ધ પછીની વાસ્તવિકતાઓએ તેની વ્યૂહાત્મક સુસંગતતા ઘટાડી દીધી.
(C) NAM માં P5 દેશોનો સમાવેશ કરવા માટે વિસ્તરણ કરવામાં આવ્યું.
(D) ભારતે 2015 માં ઔપચારિક રીતે NAM છોડી દીધું.

188. ભારતની એક્ટ ઈસ્ટ નીતિ હવે ફક્ત પૂર્વ તરફ જોવાને બદલે, પૂર્વ સાથે સક્રિય સહકાર અને વ્યૂહાત્મક ભાગીદારી પર ખાસ ધ્યાન આપે છે – તો તેમાં સૌથી મહત્વપૂર્ણ વ્યૂહાત્મક પાસું કયું છે?
(A) બહુપક્ષીય સહાય
(B) આફ્રિકા સાથે નિષ્ક્રિય જોડાણ
(C) આશિયન (ASEAN) સાથે સક્રિય સુરક્ષા અને વેપાર ગોઠવણી
(D) ઇન્ડો-પેસિફિક ચિંતાઓથી અલગતા

189. આફ્રિકાને ભારતની વિદેશી સહાય મુખ્યત્વે શાને ધ્યાનમાં રાખીને આપવામાં આવે છે?
(A) ચીનના બેલ્ટ એન્ડ રોડ ઇનિશિયેટિવને નબળો પાડવા માટે.
(B) આફ્રિકન પ્રદેશોમાં નૌકાદળના થાણાંનો વિસ્તાર કરવા માટે.
(C) વિકાસલક્ષી રાજદ્વારીને પ્રોત્સાહન આપવા અને સોફ્ટ પાવર વધારવા માટે.
(D) આફ્રિકન યુનિયન સાથે સંરક્ષણ સંધિઓ લાગુ કરવા માટે.

190. ઇન્ટરનેશનલ સોલર એલાયન્સ સાથે ભારતનું જોડાણ શું સૂચવે છે?
(A) ગલ્ફ દેશો સાથે લશ્કરી જોડાણ
(B) ઉષ્ણકટિબંધમાં ધાર્મિક રાજદ્વારી પર ધ્યાન કેન્દ્રિત કરવું
(C) વૈશ્વિક નવીનીકરણીય ઊર્જા સંક્રમણમાં નેતૃત્વની ભૂમિકા
(D) પશ્ચિમથી વ્યૂહાત્મક અલગતા

191. ભારતની "પડોશી પ્રથમ" (Neighbourhood First) નીતિને સૌથી વધુ પડકાર કોણ આપે છે?
(A) સાર્કનું મજબૂત સંસ્થાકીય માળખું
(B) ભારતીય રાજ્યોની અંદર આંતરિક બળવો
(C) પડોશીઓ સાથે દ્વિપક્ષીય તણાવ અને ચીનની પ્રાદેશિક હાજરી
(D) યુરોપિયન વિકાસ સહાય પર વધુ પડતી નિર્ભરતા

192. પીએમ ગતિ શક્તિનો હેતુ માળખાકીય વિકાસમાં માળખાગત વિલંબને દૂર કરવાનો છે. તેની મુખ્ય નવીનતા શી છે?
(A) માળખાકીય સુવિધા વપરાશકર્તાઓ પર કેન્દ્રિય કરવેરા.
(B) બ્લોકચેન આધારિત પ્રોજેક્ટ ટેન્ડરિંગ.
(C) બહુ-મંત્રાલય સંકલન માટે સંકલિત ડિજિટલ પ્લેટફોર્મ.
(D) રાજ્ય-સ્તરના પરિવહન નિયમો નાબૂદ કરવા.

193. આયુષ્માન ભારત અને અગાઉના જાહેર આરોગ્ય કાર્યક્રમો વચ્ચેનો મુખ્ય તફાવત શેમાં રહેલો છે?
(A) માત્ર પોષણ સંબંધિત રોગો પર ધ્યાન કેન્દ્રિત કરવું.
(B) દર્દીઓની ડિજિટલ ચકાસણીની કોઈ જરૂર નથી.
(C) ડોક્ટરોને બદલે સામુદાયિક આરોગ્ય કાર્યકરો.
(D) માધ્યમિક અને તૃતીયક (secondary and tertiary) સંભાળ માટે સીધું આરોગ્ય વીમા કવરેજ.

194. એસ્પિરેશનલ ડિસ્ટ્રિક્ટ્સ પ્રોગ્રામ કઈ નીતિ નવીનતા દર્શાવે છે?
(A) આપત્તિ વ્યવસ્થાપનનું વિકેન્દ્રીકરણ.
(B) તમામ રાજ્યોમાં સમાન અભ્યાસક્રમ.
(C) છેલ્લા માણસ સુધી સરકારી સેવાઓ પહોંચે તે સારૂ રિયલ ટાઈમ ડેટા પર આધારિત શાસન.
(D) નાણાપંચોનું વિસ્થાપન.

195. બિન-જોડાણવાદી ચળવળ (NAM) નું પ્રથમ શિખર સંમેલન ક્યાં યોજાયું હતું?
(A) બેલગ્રેડ
(B) કૈરો
(C) જકાર્તા
(D) નવી દિલ્હી

196. ભારત નીચેનામાંથી ક્યાં આંતરરાષ્ટ્રીય સંગઠનનું સભ્ય નથી?
(A) SCO
(B) QUAD
(C) ASEAN
(D) BIMSTE

197. વસ્તીના કદ અને બોલાતી ભાષા (2024) ના વધતા ક્રમમાં નીચે મુજબની વિશ્વમાં બોલાતી ભાષાઓને ગોઠવો.
1. સ્પેનિશ
2. ચાઇનીઝ (મેન્ડરિન)
3. અંગ્રેજી
4. હિન્દી
નીચે આપેલામાંથી સાચા ક્રમનો જવાબ પસંદ કરો.
(A) 2, 3, 4, 1
(B) 3, 2, 4, 1
(C) 1, 4, 2, 3
(D) 2, 4, 1, 3

198. નીચેનામાંથી ઉત્પાદન અને શહેરની કઈ જોડી યોગ્ય નથી?
(A) ભારતની પિત્તળ રાજધાની - જામનગર
(B) ભારતની દૂધ રાજધાની - આણંદ
(C) ભારતનું ડાયમંડ સિટી - સુરત
(D) ભારતનો સૌથી મોટો જહાજ ભાંગવાનો ઉદ્યોગ - ભાવનગર

199. નીચેનામાંથી કચ્છની વિશેષ વાનગીઓ કઈ છે?
(A) દાબેલી, સોનપાપડી, કાજુ કતરી
(B) ઓઢો, ગુલાબપાક, પકવાન
(C) ગુલાબપાક, ઓળો, ગાંઠિયા
(D) ફાડાખીચડી, દાબેલી, કચોરી

200. કહલ્યા, મણિયારો અને વિછુડો શું છે?
(A) ગુજરાતની આદિજાતિઓ
(B) ગુજરાતના લોક નૃત્યો
(C) ગુજરાતનો આદિજાતિ કેલેન્ડર
(D) ગુજરાતમાં પુરૂષોનો પરંપરાગત ડ્રેસ



[Contd.